વર્ષ ૩ * સળંગ અંક ૪૧ * ફેબ્રુઆરી, ૨૦૧૦ * પાના : ૧૬ *** Regd. No. MH/MR/South-135 2009-11
RNI Regd. No. MAHGUJ / 2006 / 18379

## પ્રમુખ સ્થાનેથી.....

**સ્નેહી સ્વજન, જય જિનેન્દ્ર !**

**“સ્મરણોના ચંદરવા નીચે હાશ કરીને બેઠા છીએ-વરસો અનરાધારે**
**કોણ પલકમાં પ્રગટાવે છે સોળ કળાનું અજવાળું ને કોણ પલકમાં ઠારે ?”**

વિધાતાની એક વિધિ એવી પણ હોય છે કે જયારે શૈશવ હોય છે ત્યારે અઢળક આનંદ હોય છે અને સ્મૃતિ શેષ બને છે. એક સમય એવો પણ આવે છે જયારે સ્મૃતિ રહે છે અને શૈશવ રહેતું નથી. સ્મૃતિ કયારેય નિયમબધ્ધ કે લયબધ્ધ નથી હોતી. આજે સમયનો તકાદો છે કે વિષમ અને વિકટ પરિસ્થિતિનો સામનો કરી સંસ્થાને સહાયક બનીએ. પ્રવૃત્તિશીલ અને પ્રગતિશીલ સમાજ બનાવવા તન-મન અને ધનથી મદદરૂપ થઈ સાત્વિક, તાત્ત્વિક અને આધ્યાત્મિક જીવનદર્શન અપનાવીએ.

શ્રી પાટણ જૈન મંડળના તથા સમગ્ર સમાજના મોભી અને હિતચિંતક, સૌમ્ય અને સંવેદનશીલ વ્યકિતત્વ ધરાવનાર મુરબ્બી શ્રી કેશરીચંદ જેશીંગલાલ શાહ (ઢંઢેરવાડો)નું ૧૦૪ વર્ષની જૈફ ઉંમરે તા.૯-૨-૨૦૦૮ ના રોજ નિધન થયું. લગભગ ૭૯ વર્ષ સુધી શ્રી પાટણ જૈન મંડળની વ્યવસ્થાપક સમિતિના આજીવન સભાસદ તથા વિવિધ હોદ્દાઓ પર કાર્યાન્વિત રહી સમાજની અનન્ય અને અદ્દભુત સેવા કરી હતી. તેઓ એક વ્યકિત જ નહિ વિભૂતિ હતા એમ કહીએ તો તેને અતિશયોકિત નહિ ગણાય. સંસ્થાના સર્વાંગી વિકાસ માટે અનેકવિધ જવાબદારી તેઓએ બખુબી નિભાવી હતી. પૂજય શ્રી કેશરીચંદકાકાના સુપુત્ર શ્રી પ્રવીણભાઈએ પિતાશ્રીના પગલે ચાલી સંસ્થા તરફ સતત દાનગંગાનો પ્રવાહ વહાવી.શ્રી કેશરીચંદ જેશીંગલાલ શાહ સીનીયર સીટીઝન યોજનાના પ્રેરણા દાતા રહ્યા છે. પૂજયશ્રીની બીજી પુણ્યતિથિ નિમિત્તે ઉકત ફંડ માટે તેઓશ્રીના પરિવાર દ્વારા રૂા.૨,૦૦,૦૦૦/- નું દાન સંસ્થાને પ્રાપ્ત થયેલ છે.

આજથી લગભગ પાંચ વર્ષ પૂર્વે શાંતીનાથની પોળના શ્રીમતી પુષ્પાબેન ગભરૂચંદ શાહે પોતાના વીલની રૂએ શ્રી પાટણ જૈન મંડળને રૂા.૯,૨૦,૦૦૦/- નું દાન આપી સમાજ પ્રત્યેની અનન્ય લાગણી દર્શાવેલ હતી, તે હજી આપણી સ્મૃતિમાં છે.

હાલમાં જ વસાવાડાના શ્રીમતી લીલાવતીબેન પનાલાલ મણીલાલ શાહ વતી તેમના મૃત્યુ બાદ, તેઓના વીલની રૂએ શ્રી અરવિંદભાઈ જેશંગલાલ શાહ, શ્રી પંકજભાઈ ફતેહચંદ શાહ તથા શ્રી મહેન્દ્રભાઈ જેશીંગલાલ શાહે શ્રી પાટણ જૈન મંડળ સીનીયર સીટીઝન સહાય કોરપસ ફંડ, મેડીકલ ફંડ તથા આર્થિક સહાય કોરપસ ફંડ ખાતે કુલ રૂા.૫,૦૦,૦૦૦/- આપવાનું નકકી કરેલ છે. સંસ્થા આવી ઉત્કૃષ્ટ વિચારધારાને બિરદાવે છે.

**મેમોરીયલ ફંડ** (મંડળ તમારો એક વારસદાર):

ઉપર્યુકત બન્ને મરણોત્તર સખાવતોને ધ્યાનમાં રાખી સમાજના વરિષ્ઠ નાગરિકો પોતાની હયાતીમાં જ વારસા દ્વારા સંસ્થાને મરણોત્તર મોટું દાન આપવાની ગોઠવણ કરી શકે એ માટે **મેમોરીયલ ફંડ** યોજના હેઠળ પોતાના કે પરિવારના નામે રકમ નોંધાવી શકશે. આ ફંડનો ઉપયોગ મુંબઈમાં અતિથિગૃહ, કોમ્યુનીટી હોલ, શાળા-કોલેજ વગેરે કાયમી અસ્કયામતનું નિર્માણ કરવામાં થશે્, તેમજ દાતાએ મનવાંચ્છિત સહાયક પ્રવૃત્તિમાં જણાવેલ હોય તે રીતે વપરાશે. **મેમોરીયલ ફંડ**ના દાતાઓનું નામ આ મિલ્કતોમાં તકતી ઉપર, રૂમ ઉપર, વીંગ કે સંકુલ ઉપર યોગ્ય રીતે દર્શાવી દાતાની કે તેમના પરિવારની કાયમી યાદ જળવાઈ રહે તેવું આયોજન કરવામાં આવશે. આવી અસ્કયામતનું નિર્માણ કરવા માટે કરોડોના ફંડની આવશ્યકતા રહેશે. તેમ છતાં આ ફંડમાં લાખ રૂપિયા જેટલી રકમ પણ સ્વીકારી શકાશે. આખી યોજના વ્યવસ્થાપક સમિતિની બહાલીને આધીન રહેશે. આપનો પ્રતિભાવ જાણવા આ એક વિચારને આપની સમક્ષ વહેતો કર્યો છે.

શ્રીમતી હંસાબેન તથા ડૉ.મનહરલાલ કેશવલાલ શાહે (લખીયારવાડો) રૂા.૫,૦૦,૦૦૦/- સમાજ વિકાસ ફંડમાં આપેલ છે, જે અત્યંત અનુકરણીય અને અનુમોદનીય છે. તદુપરાંત કસુંબીયાવાડાના શ્રી વિજયકુમાર હીરાલાલ શાહે તેમના ધર્મપત્ની ધર્માનુરાગી શ્રીમતી સરલાબેન વિજયકુમાર શાહની સ્મૃતિમાં રૂા.૧,૦૦,૦૦૦/- નું દાન સમાજ વિકાસ ફંડમાં અર્પિત કરેલ છે. સંસ્થા સર્વ દાતા પરિવારોના સુજ્ઞ પગલાં બદલ આભારની લાગણી વ્યકત કરે છે. આભાર...

**❑ પ્રમુખ, શ્રી પાટણ જૈન મંડળ**

સંપાદકીય.....

# આવી રહી છે પરીક્ષાનો મૌસમ

વસંતના વાયરા શરૂ થઈ ગયા છે. મોસમ મીજાજનો ધીરે ધીરે બદલાઈ રહ્યો છે. ગુલાબી ઠંડી સાથે ગરમી પણ લાગવા માંડી છે. વેલ, ઈન ટાઈમ આવતો **'વેલેન્ટાઈન ડે'** આવ્યો અને ગયો સાથે **'Exam-Days'** ની મોસમ આવી ગઈ.

બહુ વર્ષો પહેલાંના R.K. પ્રોડક્શનના બેનર હેઠળ રાજકપુરની પ્રથમ ફિલ્મ **'આગ'** બની હતી. તેમાં રાજકપુરનો સંવાદ હતો : ''આજકાલ કી પઢાઈ મેં રખા હી ક્યા હૈ ?'' ત્યારે અમે સૌ નાનાં સ્કૂલમાં ભણતાં વિદ્યાર્થીઓ હતા. ઘરમાં વડીલો તરત જ બોલી ઉઠતા કે: ''એ તો ફિલ્મવાળા ડાયલોગ બોલ્યા કરે. તમારે તો ભણવા પર જ ધ્યાન આપવાનું છે જીવનમાં આગળ જતાં ભણતર જ કામ આવશે.'' એને વર્ષોના વહાણાં વીતી ગયા પછી 'તારે ઝમીં પર' ફિલ્મની રજુઆત થઈ. અને આપણી શિક્ષણ પધ્ધતિ વધુ એકવાર ચર્ચાનો વિષય બની. માતા-પિતા, વિદ્યાર્થીઓ, શિક્ષકો અને ટકાવારીનાં મુદ્દાઓ પર ચર્ચાઓ થવા લાગી પણ પરિણામ શું ? તો જેમ છે તેમ .... તાજેતરમાં એક વધુ ફિલ્મ રજુ થઈ 'થ્રી ઇડિયટ' અને ફરી પાછો એક નવો વિષય ચર્ચાના ચગડોળે ચઢયો, વિદ્યાર્થીઓની, આત્મહત્યાનો. વર્તમાન પત્રોએ આવા સમાચારને ખૂબ ચગાવ્યા, પણ પરિણામ શું ? પ્રશ્ન ત્યાંને ત્યાં જ રહ્યો.........

કરણ પાંચ વર્ષનો થયો ત્યારથી ચબરાક અને હોશીંયાર હતો. કે. જી. થી લઈને પાંચમા ધોરણ સુધી તે ક્લાસમાં ઝળકતો સિતારો બન્યો. પરંતુ જેમ જેમ ઊછેર થતો ગયો તેમ તેમ તેના વાલીઓ તેના અભ્યાસ પર વધારે ધ્યાન આપવા બાબત અને શિસ્તપાલનના બ્હાને નાની નાની વાતોમાં ટોકવા લાગ્યા. કરણને તેની માતા સતત ચિડાતી રહેતી કે : 'તું ભણવામાં બરાબર ધ્યાન નથી રાખતો. તારાં માર્કસ ધીમે ધીમે ઓછા થતાં જાય છે. તારાં ફ્રેન્ડને માર્કસ વધારે આવતાં જાય છે.' પરિણામ એ આવ્યું કે કરણ નવમાં ધોરણ સુધી પહોંચ્યો અને માતા-પિતાએ દસમાની તૈયારી કરવા, વધુમાં વધુ ૯૦% થી વધારે ટકા લાવવા દબાણ કર્યું. ત્યારે કરણના મને એક વિદ્રોહ કર્યો, ભણવામાંથી રસ ઉડી ગયો માનસિક આઘાત લાગ્યો અને એક તેજસ્વી સિતારો આ રીતે ખરી પડયો. આવા અનેક માતા-પિતાઓ છે જેમનું બાળઉછેર દરમ્યાનનું વલણ એ બાળકના વિકાસની આડે આવે છે અને સંતાનોના વ્યક્તિત્વને નુકસાન પહોંચાડે છે. સંતાનોની જિંદગીને અણધારી આફતમાં મૂકી દે છે. **પરીક્ષાના સમયે માતા-પિતાની નેગેટીવ વર્તણુંક અને તેમનું સંતાન જાણે સમાજમાં તેની પ્રતિષ્ઠા માટેનો રેસનો ઘોડો હોય તેવું તુલનાત્મક માનસ ધરાવે છે.** સંતાનનું જે થવાનું હોય તે થાય પણ બોર્ડની પરીક્ષામાં મેરીટ લીસ્ટમાં તો તે ઝળકવો જ જોઈએ માતા-પિતા અહીં એક મહત્વની વાત ભૂલી જાય છે કે **સંતાનોનું મૂલ્યાંકન એના માર્કસથી, એની ટકાવારીથી ક્યારેય ન કરવું. કેમ કે માર્કશીટ કે ટકાવારી તેને માત્ર સારાં વિદ્યાર્થી બનાવે છે, સારો માણસ નહી. જિંદગી પરીક્ષાઓ કરતાં બહુ મોટી છે. એ સત્ય ટયૂશન ક્લાસમાં કે શાળા-કોલેજમાં શીખવા નથી મળતું આ સત્ય માતા-પિતાઓએ સમજી લેવું જોઈએ.**

આવું વાતાવરણ ન સર્જાય તેથી જ **સચિન તેંડુલકર** વિદ્યાર્થીઓને એક સંદેશો આપતાં કહે છે કે છે : **''જીવનમાં જો તમારે કશીક સિધ્ધિ હાંસલ કરવાની હોય તો તે પ્રાપ્ત કરવા માટે તમારે એક જ બિંદુમાં ધ્યાન કેન્દ્રિત કરવું જોઈએ.''** પરીક્ષા નજીક આવી રહી છે. દિવસો ઓછા લાગે છે સમયની પણ અછત છે ત્યારે ખરેખર વાસ્તવમાં વિદ્યાર્થીઓએ પણ પોતાની ભણવા પ્રત્યેની જવાબદારી ગંભીરતાથી સ્વીકારી લેવી જોઈએ. ઉપર જણાવ્યું તેમ બધાં જ કેસોમાં માતા-પિતાનો વાંક હોતો નથી પણ લાગણીઓ અને સંતાનો પ્રત્યેનો પ્રેમ જોવો પણ એટલોજ જરૂરી હોય છે. **પોતાના બાળકોના ઉજ્જવળ ભવિષ્ય માટે, તેની સફળતા માટે, તેમનાં સિવાય બીજું કોણ ઉત્તમ પ્રકારની કાળજી લઈ શકે ?**

તો ચાલો, વ્હાલાં વિદ્યાર્થીઓ પરીક્ષાને આવકારવા તમે તૈયાર થઈ જાવ. પરીક્ષાની તૈયારી માટે તમારૂં ટાઈમ ટેબલ અને દિનચર્યા નક્કી કરી લો ફિલ્મો, T. V. સીરીયલો, ક્રિકેટ મેચો, બહાર રમવાનું, મિત્રો સાથે હરવા-ફરવાનું બધુ એક - બે મહિના માટે બંધ કરી અથવા ઓછું કરીને સતત અભ્યાસ પર ધ્યાન આપતાં રહો. **અર્જુન જેવી એકાગ્રતા જ તમને સફળતા તરફ દોરી જાય છે. તે ધ્યાનમાં રાખો સફળતા માટે તમારો આત્મવિશ્વાસ હોવો બહુ જરૂરી છે. વગર મહેનતે જાદુઈ પરિણામની પ્રતીક્ષા ન કરવી પધ્ધતિસરનું વાંચન કરવાની શરૂઆત કરી દેવી જોઈએ. પરીક્ષામાં સફળતાનો ૪૦% હિસ્સો તમારી મહેનતનો હોય છે. જ્યારે ૬૦% હિસ્સો તમારાં અભ્યાસ, એકાગ્રતા અને પરીક્ષા પ્રત્યેના માનસિક વલણનો હોય છે આ માટે 'Positive Mental Attitude' કેળવવા અનિવાર્ય છે.**

જે વિદ્યાર્થીઓ S.S.C/H.S.C. ની પરીક્ષામાં બેસવાનાં છે. તેઓએ તો બરાબર ખ્યાલ રાખવાનો છે કે માત્ર તમે એકલા કે તમારી સાથે જ ભણતાં એક જ ક્લાસનાં મિત્રો આ પરીક્ષામાં નથી. બીજા પણ અંદાજીત નવ થી દસ લાખ વિદ્યાર્થીઓના જીવનની આ અણમોલ ઘડી છે. ઉજ્જવળ કારકિર્દી માટે આખું વર્ષ કઠોર તપશ્ચર્યા કર્યા પછી **તમારાં જ્ઞાન, બુધ્ધિશક્તિ અને આવડતને પુરવાર કરવાનો આ એક શુભ અવસર છે.** વર્તમાન પરિસ્થિતિમાં ઉચ્ચ ટકાવારીનાં સ્પર્ધાત્મક સમયમાં તમને પરીક્ષામાં સારો દેખાવ કરવાનું માનસિક દબાણ હોય તે સમજી શકાય તેમ છે, પણ નર્વસ બની જવાનું નથી. પરીક્ષા પૂર્વેનો આ તનાવ ન રાખતા સત્ય અને વાસ્તવિકતાને સ્વીકારી લો. મનને શાંત અને સ્વસ્થ રાખો સારૂં ભોજન તથા શરીરનું સ્વાસ્થય પણ જળવાઈ રહે તે પ્રત્યે સભાન રહો. વધારે પડતાં ઊજાગરાં ન કરતાં પૂરતી ઊંઘ લેવી જોઈએ.

યાદ રાખો કે બોર્ડની પરીક્ષામાં ઓછા માર્કસ કે ઓછા ટકા આવે એટલે કારકિર્દી પર પૂર્ણવિરામ મૂકાઈ જતું નથી અનેક રસ્તા ખુલ્લાં છે. માતા-પિતાએ પણ આ સંજોગોમાં સંતાનોને પોતાની પાંખમાં લઈને હિંમત અને હુંક આપવાનાં છે. ''ચિંતા ન કરીશ અમે તારી સાથે છીએ.'' એવી હૈયાધારણ આપવાની છે. આમ કરવાથી સંતાન માનસિક ભયમાંથી બહાર આવી જશે. અને નિષ્ફળતાનો ડર નીકળી જશે.

ઘણાં કેસોમાં એવું પણ બને છે કહેવાતા શિક્ષિત ડિગ્રીધારીઓ કે બૌદ્ધિક કરતાં વધારે સારી રીતે સંસ્કાર અને કેળવણી થકી સંતાનો પોતાની સારામાં સારી કારકિર્દી બનાવીને જીવનમાં આગળ વધતાં હોય છે. ધીરૂભાઈ અંબાણી, સચિન તેંડૂલકર, શાહરૂખખાન વગેરે વગેરે .....

અંતમાં વિદ્યાર્થીઓને પણ એટલું તો ચોક્કસ જ કહેવાનું મન થાય છે કે હાલમાં તો તમારી નજર સામે જે છે તે જ લક્ષ્યાંક છે. **તમામ ફરજ, નિષ્ઠા અને મહેનત બોર્ડમાં ઝળકવા માટે રેડી છે. સમય, સંજોગો મળ્યાં**

અનુસંધાન પાના નં ..... ૩ ઉપર

# અતિતની અટારીએથી...

**વ્યકિત મટી આપ સંસ્થા બનીને મળી ગયા,**
**કલા-કસબી આપ સૌને હૈયે વસી ગયા,**
**વાત્સલ્યથી મહોર્યા લીલા પર્ણો ખરી ગયા,**
**સ્મૃતિ અતિત બની ને આંસુઓ થીજી ગયા.**

એક અદ્દભુત અને અનન્ય વ્યકિતત્વના સ્વામી તથા અનેકવિધ સામાજિક પ્રવૃત્તિઓના કર્ણધાર **શ્રી કીર્તિલાલ બાલુભાઈ શાહનું** તા.૨૪-૨-૨૦૦૧ ના રોજ ૬૭ વર્ષની વયે આકસ્મિક નિધન થયું અને પાટણ જૈન સમાજ અને શ્રી પાટણ જૈન મંડળને ન પુરી શકાય તેવી ખોટ પડી. સંસ્થાએ એક ઉમદા અને કર્તવ્યશીલ, વ્યવહાર કુશળ સંનિષ્ઠ કાર્યકર ગુમાવ્યા.

સમાજલક્ષી પ્રવૃત્તિઓ થકી સંસ્થાના વિકાસને ગતિશીલ રાખવા જિંદગીના છેલ્લા લગભગ ૪૦ વર્ષો સુધી પ્રશંસનીય સેવાઓ સમર્પિત કરી હતી. ઉકત સમય ગાળા દરમ્યાન તેઓ ૧૨ વર્ષ સુધી માનદમંત્રી, ત્રણ વર્ષ સુધી કોષાધ્યક્ષ રહ્યા. ૭ વર્ષ સુધી પ્રમુખ તથા ટ્રસ્ટી તરીકે સેવા આપી હતી. ઋણાનુબંધે સર્વ શ્રી કીર્તિભાઈની સ્મૃતિએ આપણને સૌને સંબંધના અનન્ય સેતુએ જોડી અને જકડી રાખ્યા છે.

શ્રી કે.બી.શાહના લાડકા નામે જાણીતા અને માનીતા શ્રી કીર્તિભાઈના સાત્વિક વિચારોના સ્રોત અને જ્ઞાન પ્રભાવનાના અનુભવો વ્યાપક અને વિરાટ હતા. તેમની વાણીમાંથી પ્રગટેલું વકતવ્ય સાંભળવું એક લ્હાવો હતો. તેમની કલમના પ્રબળ ઉર્મિઓના આવેગ, વિવેક તથા વ્યથા અને સંવેદનાનો સ્પર્શ, તર્ક, તર્પણ અને તાત્પર્ય અદ્વિતીય હતું. સંબંધોના મેળાને અકબંધ રાખવા તમામ સ્તરે વ્યાપક દૃષ્ટિ કેળવવાની ક્ષમતા પરમકૃપાળુ પરમાત્માએ તેઓશ્રીને બક્ષી હતી.

સમાજના છુટાછવાયા પરિવારો વચ્ચે સંપર્કનો સેતુ જળવાઈ રહે તેવા શુભ આશયે આપશ્રીએ સતત અને સખત મહેનત દ્વારા આજથી લગભગ ૪૦ વર્ષ પહેલાં સમાજના પ્રથમ વસતીપત્રકનું પ્રકાશન કર્યું હતું. સંસ્થાના ૫૦ વર્ષના સુવર્ણજયંતિ અંકના પ્રકાશનમાં પણ તેમનું યોગદાન વિશિષ્ટ હતું. તેમને સ્નેહથી સંબંધો બાંધ્યા, સિંચ્યા અને સાચવ્યા હતા.

સમાજ અને સંસ્થાની પ્રગતિના કિરણોની નવી ક્ષિતિજ તરફ તેઓની કાર્યસાધના રહેતી. પ્રતિબિંબ સાથે તેઓનો નાતો અદ્દભુત હતો. પૃથ્વીના પેટાળમાંથી જેમ પાતાળ ઝરો પ્રગટે તેમ પ્રેમમય કરૂણા અને કરૂણામયી પ્રેમના લાવણ્ય અને લાલિત્ય થકી તેમની મુગ્ધ વિચારધારા પરિપકવતા પામી હતી. તેમની તર્કવૃધ્ધિ અને તર્કશુધ્ધિમાં શ્રધ્ધાનો રણકો રણકતો. ખરા શબ્દોમાં સંસ્થાની પ્રગતિ નવા આયામ, ગરિમા અને સહિયારા સ્નેહને નોખા અને અનોખા મીશન દ્વારા ગાગરમાં સાગરને સમાવ્યો હતો. સેવા, સાધના, શૈક્ષણિક તથા વિવિધ સમાજ ઉત્કર્ષ ક્ષેત્રે તેમણે સંસ્થાને આંગળી ચીંધી હતી.

તેઓ માનતા કે ભીતરમાં વણાયેલા આટાપાટાને સમજી વિચારીને વાંચીએ તો જ આપણી વેદના અને વ્યથાને વાચા મળે અને હૈયું હળવું થાય. જીવનની દાર્શનિકતાના સાચા સ્વભાવને પરિવર્તન ગણી લોકોની અપેક્ષાની કયારેય ઉપેક્ષા કરતા નહિ. સ્થિતિસ્થાપકતા ને ચેતના જોઈએ જડતા નહિ એમ તેમનું સ્પષ્ટ માનવું હતું. બહિર્મુખતાનો પાલવ છોડી આંતરિક કેડીએ ચાલતા તેઓ સુખ-શાંતિ અને સાર્થકતાનો અનુભવ કરતાં. સહિષ્ણુતા અને સંસ્કારિતા સંનિષ્ઠ સમન્વયને તેઓ સતત અપનાવતા અને કહેતા કે સામાન્ય કાર્યકરોમાં અસામાન્ય શકયતાઓ અને આવડતો રહેલી હોય છે. માત્ર તેને પારખવાની સુદૃઢ દૃષ્ટિ જોઈએ.

સ્વ.શ્રી કીર્તિભાઈને મતે દરેક વ્યકિત નિષ્ફળતાઓને ઓળંગી સરળ અને સફળ થતી હોય છે. પ્રત્યેક ક્ષણ માટે અનુભવાતી જિંદાદીલી ઈશ્વર તરફથી આવેલી એક લહેરખી છે. શ્રી કીર્તિભાઈ બાલુભાઈ શાહના સમસ્ત પરિવાર તરફથી તેમના જયેષ્ઠ પુત્ર શ્રી અતુલભાઈએ સંસ્થાની ઉચ્ચ શિક્ષણ સહાય નિધિમાં રૂા.૫૧,૦૦૦/- નું દાન આપ્યું હતું.

શ્રી કીર્તિભાઈ સદેહે આજે આપણી વચ્ચે નથી છતાં શબ્દદેહે તેમની છત્રછાયા આપણને વિકટ પરિસ્થિતિમાં માર્ગદર્શન આપી રહી છે. વર્ષો સુધીનો આપનો પ્રતિબિંબ, સંસ્થા અને સમાજ સાથેનો નાતો અજરામર રહ્યો હતો. આપની દુરંદેશી, દીર્ઘદૃષ્ટિ, સ્નેહ, સાધના, સંસ્કારિતા અને શ્રધ્ધાને અનેક સલામ !

***એવા તે કેવા રે મળ્યા આપણે અને હૈયે વસી ગયા આપણે,***
***ઘડી બે ઘડીમાં અશ્રુ બની છલકાઈ ગયા આપણે,***
***જિંદગીના મેઘધનુષી રંગમાં રંગાઈ ગયા આપણે,***
***હૈયા સાથે સાથે રહ્યા અને અલગ થઈ ગયા આપણે !***

**❑ સંપાદક સમિતિ**

---

**શ્રી પાટણ દશા ઓસવાલ જૈન જ્ઞાતિ**

જ્ઞાતિના સભાસદ ભાઈઓને જણાવવાનું કે આ વર્ષે લહાણામાં ચાંદીનો સીક્કો આપવાનું નક્કી કરવામાં આવ્યું છે. નિચેના સ્થળેથી **તા. ૧૬-૩-૧૦ થી ૨૬-૩-૧૦** સુધીમાં બપોરે ૪ થી ૬ દરમીયાન જ પોતાનું લહાણું મેળવી લેવા વિનંતી છે.

**ખાસ સૂચના :** લહાણું લેવા આવનાર સભાસદ વ્યક્તિએ પોતાના નામ, સરનામું, પાટણનો મહોલ્લો તથા પોતાના ફોન નંબર લખેલો પત્ર સાથે લાવવો જરૂરી છે. તો તે પ્રમાણેની વિગત લેખીતમાં આપવા વિનંતી કરવામાં આવે છે. ઉપર જણાવેલ તારીખ અને સમય દરમીયાન જ લહાણું મેળવવા ખાસ જણાવવામાં આવે છે.

**લી. :** *અરવિંદ જીવાભાઈ* — *અરવિંદભાઈ કાંતિલાલ જવેરી*
*શરદભાઈ રસીકલાલ શાહ* — *નરેશભાઈ રસીકલાલ શાહ*
*ભરતભાઈ બાલુભાઈ શાહ* જા x ખ

<u>લહાણું મેળવવાનું સ્થળ</u> : **જીવાભાઈ છગનલાલ એન્ડ સન્સ,**
૨૪ ભાંગવાડી, ડી બ્લોક, ગ્રાઉન્ડ ફ્લોર, કાલબાદેવી રોડ, મુંબઈ-૨
**ફોન : ૨૨૦૧૭૯૨૪, ૨૨૦૧૭૫૯૫, મો. ૯૮૨૦૪૬૬૧૭૦**

# EDUCATION SEMINAR

Education Committee of Shri Patan Jain Mandal believe in continual progress through education and knowledge which at all ages is always fruitful.Keeping this opportunity open to everyone and primarily understand the need for strategic investment and planning which eventually will help us to grow and be financially independent even after retirement,We had organized : " **PERSONAL WEALTH GROWTH OPPORTUNITIES**"-A Seminar of it's kind for the first time specially for the people of our community on 30 January 2010,Saturday at **Shri Patan Jain Mandal Sabhagruha,Marine Drive**

The speaker was none other than **SHRI SUNIL SINGHANIA**-Fund Manager of **RELIANCE MUTUAL FUND** who is a CA CFA from USA and is extremely experienced and very well-known in his field of expertise which is Equities and Stock Markets After taking Market experience from Motisons and Advani Stock Brokers he joined Reliance Mutual Fund in 2003 as Vice President and today the Company is having average Assets Under Management –AUM of approximately 1,20,000 crores and Shri Sunil Singhania Looks after about 30,000 crores of Reliance Mutual Fund

Shri Sunil Singhania commenced with showing the importance of Rising Indian Economy as compared to the other global economies and expected the GDP growth from 7-8% to around 9-10% very soon.He emphasized on the Infrastructural funds to do very well in the next financial year as the order books were heavily loaded along with Pharma sector. Power Sector and Financials will start improving whereas IT Sector will continue to do well.Systematic Investment Plan(SIP) is the best way of investing through Good Mutual Funds like Reliance,Birla,HDFC to name a few indirectly in Equities.Long Term Investments will yield good returns with nominal volatility during this year.Gold Investment through Gold ETF's was a good and reliable source of investment according to him.Systematic and Intellectual Questions were raised by the audience present which were dynamically answered by him. Somehow or the other our community is also linked with the Stock Markets and hence to have the depth of this subject was very essential.

It was attended by Shri J K Shah,Shri Pravinbhai Keshrichand Shah, Shri Pravinbhai Mafatlal Shah,Shri Mahendrabhai Nemchand Shah(Gunderwala),Shri Mahendrabhai Hiralal Shah, Shri Hitenbhai Champaklal Shah, to name a few from the Managing committee along with the community members actually from the Stock Markets who took the real time opportunity in understanding Financial Markets in depth. The audience contained of almost equal number of men and women which was really applaudable that women of our community are also looking into Finance and Investments.Light Refreshments were served before the commencement of the Seminar.Since our community has a major section of Learned Business Class people,it was the right time to organize this kind of a seminar. It was once in lifetime kind of an opportunity for those who were present .He was flooded by the audience even after the completion of the seminar.

❑ **Education Committee**


**sambhav**
comfy living

**ENGINEERS & DEVELOPERS**
**REAL ESTATE DEVELOPERS OF**
**RESIDENTIAL / COMMERCIAL PROPERTIES**

**SAMBHAV TRADE TOURS**
**TRADE FAIR / LEISURE TOUR ORGANISERS**

- ★ Trade Fair Tours
- ★ Incentive Tours
- ★ Leisure Tours
- ★ International / Domestic Hotel Booking
- ★ International / Domestic Air Ticketing
- ★ Visas / Overseas Mediclaim Assistance

***JITEN SHAH***, *FCP, International Co - ordinator,* JITO
***DHARMEN SHAH***
***MONA SHAH***
**(KANASA NO PADO, PATAN)**

***Corporate Office***: Sambhav House, Veera Desai Road, Andheri (West), Mumbai - 400 053. INDIA
Tel. No.: +91 - 022 - 26740533 Telefax: +91 - 022 - 26741589
Email: sambhavgroup@sambhav.in / sambhav@vsnl.net Website: www.sambhav.in

## શ્રી પાટણ જૈન મંડળ તથા
## મે. જોન્સન એન્ડ જોન્સનના સંયુકત ઉપક્રમે
# આર્થરાઈટીસ – મેડીકલ સેમીનાર
## શું આર્થરાઈટીસ મટે છે ?
## મોટી ઉંમરે ભલભલાને પજવતો સંધિવા

એક ગોળી લ્યો અને માથાનો દુ:ખાવો ગાયબ... આવા શબ્દો સાંભળતાની સાથે જ ટી.વી.ની જા-ખ માં મોડેલનો ઉદાસ અને પડી ગયેલો ચહેરો ક્ષણવારમાં સ્મિત અને સ્ફૂર્તિવાળો થઈ જતો આપણે ઘણીવાર જોઈએ છીએ. માથાનાં દુ:ખાવા માટે કદાચ સાચુ માની શકાય, પણ ૫૦ વર્ષથી વધુ વયનાં આર્થરાઈટીસના દર્દીને એક ગોળી આપી ટેનીસ રમતો બતાવાય તો દર્શકોને મૂર્ખ બનાવવા જેવું લાગે. પણ આમ બને છે.

આર્થરાઈટીસ ફાઉન્ડેશન, અમેરિકાના મેડીકલ ડાયરેકટર ડૉ.જહોન કલીયલના કહેવા મુજબ આજની યુવાન પેઢી પ્રોઢાવસ્થામાં પહોંચશે ત્યારે એટલે કે સને ૨૦૨૦ માં એકલા અમેરિકામાં જ આ રોગના ૩૦ લાખ દર્દીઓ હશે. ભારતમાં પણ આનું પ્રમાણ વધતું જાય છે. **આર્થરાઈટીસ એ અસાધ્ય રોગ છે. જે સાંધાનો વા કે સંધિવા નામે ઓળખાય છે.** પગનાં ઘૂંટણમાં આવેલી કાર્ટિલેજને નુકશાન થવાથી આ રોગ થાય છે. જે ૪૫-૫૦ વર્ષની વયે ચાલુ થઈ ક્રમે ક્રમે વધતો જાય છે.

આર્થરાઈટીસ માત્ર દવાઓના જોરથી મટતો નથી. લાંબા સમય સુધી દવા લેવાથી હૃદય રોગની શકયતા વધે છે. તેથી આર્થરાઈટીસના દર્દીઓએ લાંબા સમય માટેની દવા લેવી હિતાવહ નથી.

મરીન ડ્રાઈવ ખાતે આર્થરાઈટીસના સેમીનારને પ્રાપ્ત થયેલ ભારે સફળતાથી પ્રેરાઈ મંડળની મેડીકલ સમિતિએ, શ્રી ગોરેગામ પાટણ જૈન મિત્રમંડળ અને શ્રી જવાહરનગર કો-ઓપ. હા.સોસાયટી લિ.ના સહયોગ દ્વારા સેમીનારનું આયોજન કરેલ છે, જેમાં **ડૉ.આસીત શાહ** (સર્જન) (બી.એસ.ઈ.એસ. હોસ્પીટલ, એશીયન હાર્ટ હોસ્પીટલ તથા સૈફી હોસ્પીટલ) જેઓ આર્થરાઈટીસના સ્પેશ્યાલીસ્ટ છે. તેઓ વિડીયો વિઝન સ્લાઈડ શો દ્વારા આપણને **ગુજરાતી ભાષામાં** તેની વિગતવાર જાણકારી આપશે. આ રોગમાંથી મુકત થવા માટે લેવાની કાળજી, ઉપચાર વિ.નું માર્ગદર્શન આપશે.

મોટી સંખ્યામાં હાજર રહી આ સેમીનારનો સૌને લાભ લેવા વિનંતી છે. પાટણ સિવાયના અન્ય આપનાં મિત્ર-પરિવારના સભ્યો પણ હાજર રહી શકે છે.

**દિનાંક : રવિવાર, તા.૨૧-૦૩-૨૦૧૦**

**સમય : સવારે ૧૦.૦૦ કલાકે.**

**સ્થળ : જવાહરનગર સોસાયટી હોલ (સરદાર ભવન)**
**જવાહરનગર, એસ.વી.રોડ**
**ગોરેગામ-વેસ્ટ, મુંબઈ-૪૦૦૦૬૨**

**લિ. : માનદમંત્રીઓ-મેડીકલ સમિતિ**

**: સૌજન્ય :**

**શ્રીમતી રમાબેન જયંતિલાલ ફતેહચંદ શાહ**
**સેમીનાર સૌજન્ય ફંડ**



## શ્રી પાટણ પાંજરાપોળ

ટ્રસ્ટ રજી. નંબર ઈ- ૩૯૯ પાટણ



**: સંચાલિત :**

**શ્રીમતી કુસુમબેન અમૃતલાલ શાહ પશુ આશ્રય સંકુલ - ખલીપુર**

**જીવદયા પ્રેમીઓને નમ્ર વિનંતી.....**

શ્રી પાટણ પાંજરાપોળ સંસ્થાને ગુજરાત રાજ્યમાં શ્રેષ્ઠ પાંજરાપોળ તરીકે ગુજરાત સરકારે એવાર્ડ આપેલ તે આપણા ગૌરવ સમાન છે.

| | | | |
|---|---|---|---|
| ૧. પશુ માટેનો શેડ (ગ્રેનાઈટ તકતી ઉપર નામ) | રૂા.૧,૦૦,૦૦૦ | ૬. પશુઓને માસિક દવા-ચિકિત્સા | રૂા. ૧૧,૦૦૦ |
| ૨. કાયમી તીથી નિભાવ ફંડ (આરસની તકતીમાં નામ) | રૂા. ૫૧,૦૦૦ | ૭. કાયમી ઘાસની તીથી | રૂા. ૫૦૦૦ |
| ૩. પશુઓને લાપશી માટેની કાયમી તિથિ (આરસની તકતીમાં નામ) | રૂા.૩૧,૦૦૦ | ૮. વાર્ષિક પશુ દત્તક યોજના | રૂા. ૩,૦૦૦ |
| ૪. પશુઓના આધાર સ્થંભ (આરસની તકતીમાં નામ) | રૂા. ૨૧,૦૦૦ | ૯. પક્ષીઓને કાયમી ચણ તિથિ | રૂા. ૨,૦૦૦ |
| ૫. પશુઓને એક દિવસનો ઘાસચારો | રૂા. ૧૫,૦૦૦ | | |





**જો હશે આપનું દાન......... તો બચશે પશુના જાન**

**મહીનામાં નીચે મુજબ દાન પ્રાપ્ત થયા છે.**

**સંસ્થાને આપેલ દાનની રકમ ૮૦ જી હેઠળ ઈન્કમટેક્ષમાં બાદ મળે છે.**

૧. **નવા બોર માટે :** માતબર રકમ શ્રી વિજયભાઈ હીરાલાલ શાહ કસુમ્બીયા પાડા

૨. **શેડ અને જીવો છોડાવવા અને નિભાવવા માટે :** માતબર રકમ થાઈલેન્ડ સંઘ તરફથી

સંપર્ક : મુંબઈ : મે. પ્રવીણચંદ્ર એન્ડ કું., ૨૧ ભાંગવાડી શોપીંગ આર્કેડ, કાલબાદેવી, મુંબઈ-૨. ફોન : ૨૨૦૫૨૦૫૮ ● મે. સી. વાડીલાલ એન્ડ કું. મુંબઈ -૩. ફોન : ૨૩૪૨ ૯૦૧૨/ ૨૩૪૨ ૯૦૧૩ ● પાટણ : શ્રી પાટણ પાંજરાપોળ, પીંપળા શેરી, આઝાદ ચોક, પાટણ (ઉ.ગુ.) ફોન : ૨૨૦૨૦૩

**જીવદયા વિના ધર્મ નહીં, ધર્મ વિના સુખ-શાંતિ આબાદી નહીં.**

જા x ખ

**સૌજન્ય : પ્રવીણચંદ્ર એન્ડ કું. ભાગવાડી, મુંબઈ**

## સમાજના માનનીય વયસ્ક સભ્યોના પ્રથમ યાત્રા–પ્રવાસના પગધારે...

શ્રી પાટણ જૈન મંડળના ઈતિહાસમાં પ્રથમ વાર વયસ્ક સભ્યો માટે બે દિવસના તલાસરી તીર્થયાત્રા-પ્રવાસનું આયોજન તા.૨૬-૨-૨૦૦૫ ના રોજ કરવામાં આવ્યું હતુ. સમાજના લગભગ ૫૦૦ વરિષ્ઠ સભ્યોએ આ પ્રવાસમાં લાભ લીધો હતો. પાટણના ગર્વ અને ગૌરવ સમાન માતુશ્રી કાંતાબેન મંગુલાલ શાહ પરિવાર (કોકાનો પાડો) તથા શ્રીમતી ચંદ્રિકાબેન રજનીકાંત શાહ ચેરીટેબલ ટ્રસ્ટના દરિયાવદિલ ટ્રસ્ટીઓએ અનન્ય સાથ અને સહકાર આપ્યો હતો. મલ્લિનાથ દાદાની શીળી છત્રછાયાને આજે પણ વરિષ્ઠ મહાનુભાવો વાગોળી રહ્યા છે.

આજે પાંચ વર્ષનો સમયગાળો વ્યતિત થઈ ગયો. ગયા અઠવાડીએ આકસ્મિક તલાસરી તીર્થની યાત્રાએ જવાનો પ્રસંગ બન્યો. દિનપ્રતિદિન અનેક નવી સુવિધાઓએ ત્યા આકાર લીધો છે. દેવવિમાન તુલ્ય જિનાલયમાં મલ્લિનાથ દાદાને ભેટતા અનન્ય રોમાંચ અનુભવ્યો અને સ્મૃતિઓ સળવળી. જીવનની પરમ શાંતિ પ્રાપ્ત કરવા અને પરમાત્માને પામવા નયનરમ્ય કાંચના જીનાલયમાં શ્રી મલ્લિનાથ ભગવાનની પ્રાચીન પ્રતિમા અલૌકિક દેખાઈ રહી છે. શ્રી મલ્લિનાથ જૈન વિહારધામ મુંબઈ-અમદાવાદ નેશનલ હાઈવે નં.૮ પર ચારોટીથી ૨૫ કિ.મી. અને નંદિગ્રામથી ૧૩ કિ.મી. પહેલાં શિતળ વાતાવરણમાં સરિયામ માર્ગ પર આવેલ છે. ઉકત ધામમાં અદ્યતન ભોજનાલય, યાત્રિક ભવન, આરાધના ભવન, અનુભવી ડોકટર સુલભ દવાખાનું, સાધુ-સાધ્વી ભગવંત માટે વિશાળ ઉપાશ્રય વિગેરે આવેલા છે. સ્વચ્છતા અને સેવા તેમનું વિશિષ્ટ આકર્ષક અંગ છે. સતત નૂતનીકરણ અને સુવ્યવસ્થા તીર્થની કાયાપલટ દર્શાવે છે.

સમાજના શારીરિક-માનસિક-અવિકસિત બાળકો માટે શ્રી પાટણ જૈન મંડળના નેજા હેઠળ વિકલાંગ ઉત્કર્ષ સમિતિ દ્વારા શનિવાર, તા.૧-૩-૨૦૦૮ તથા રવિવાર, તા.૨-૩-૨૦૦૮ ના રોજ મેડીકલ કેમ્પ યોજવામાં આવ્યો હતો. જેમાં લગભગ ૧૦૦ બાળકો તથા વ્યકિતઓએ લાભ લીધો હતો. મુંબઈથી ખાસ પાંચ ડોકટરોની ટીમે ઉત્કૃષ્ટ યોગદાન આપેલ. તલાસરી તીર્થના ટ્રસ્ટીઓએ સંપૂર્ણ સાથ અને અનન્ય સહકાર આપેલ.

તા.૮-૬-૨૦૦૯ તથા તા.૧૦-૬-૨૦૦૯ ના રોજ સંસ્થાના રજિસ્ટરમાં આગમન ટીપ્પણીમાં પૂ.આ. શ્રી જીનચંદ્રસાગર સૂરિશ્વરજી તથા આ.શ્રી પદ્મસાગર સૂરિશ્વરજી જણાવે છે કે અનેક વિહારધામો જોયા પરંતુ આવું જીનાલય જવલ્લે જ જોવા મળે છે. આ સ્થાન શાતાકારી છે તથા ટ્રસ્ટીઓનો તથા સ્ટાફનો ભકિતભાવ અનુમોદનીય છે. આજુબાજુના પછાત વિસ્તારમાં પણ આ સંસ્થા વિતરાગ ધર્મની પ્રવૃત્તિ સવિશેષ ચલાવે છે. તા.૧૮-૧૧-૨૦૦૯ ના રોજ સાગરાનંદ સ.મ.સા.ના સમુદાયના શ્રી સુર્યોદય સાગર સુરિશ્વરજી મ.સા. તથા શ્રી સાગરચંદ્રસાગર સ.મ.સા.ની નિશ્રામાં વાલકેશ્વર, મુંબઈથી શ્રી સિધ્ધચલજીનો છેરિ પાલિત સંઘ પણ અત્રે પધારેલ અને તેઓ જણાવે છે કે ઉકત ધામમાં ફરી ફરીને આવવા અને રહેવાનું મન થાય. પ્રભુ મલ્લિનાથ ભગવાનના દર્શન કરતાં ભવોભવના કર્મોનો થાક ઉતરી જાય એવું રળિયામણું સ્થાન છે. ભકિતભાવ પૂર્વકની સેવાભકિત ઉત્કૃષ્ઠ રહી. તા.૨૮-૧૧-૨૦૦૯ ના રોજ પન્યાસ અરૂણવિજયજી મ.સા. લખે છે ઉકત સંસ્થા પ્રભુ મહાવીર અને ગુરૂવલ્લભના ઉપદેશનો સાક્ષાત્કાર કરી રહી છે. દરેક શ્રાવકો અને સાધુ સાધ્વીઓએ આવી સંસ્થાની પ્રગતિમાં સતત સાથ આપવો જોઈએ.

તલાસરી આજુબાજુના ગામોમાં આદિવાસી પ્રજાને પૈસા માટે ઢોરોને કતલખાને મોકલાવતા અટકાવી આ સંસ્થા વાપી પાંજરાપોળમાં મોકલાવે છે. એટલુ જ નહિ તેના નિર્વાહ માટે સંસ્થાને સારી એવી રકમનું ભંડોળ પણ સતત પુરૂ પાડે છે. તલાસરીમાં ચાલી રહેલી વિવિધ શાળાઓમાં નોટબુક, પેન્સીલ, કંપાસ તથા અન્ય સ્ટેશનરી તથા સ્કુલ ડ્રેસ વિદ્યાર્થીઓને મોકલાવી અનન્ય યોગદાન શ્રીમતી ચંદ્રીકાબેન રજનીકાંત શાહ ચેરીટેબલ ટ્રસ્ટ આપી રહેલ છે. સંસ્થાના મહાઅમાત્ય શ્રી હીરાકાકા રોજ આવી શાળાઓમાં જઈ ટ્રસ્ટવતી ચા, બિસ્કીટ, ફ્રુટ, નાસ્તો વિગેરેનું અનુકંપા દાન પણ કરે છે. નિઃસ્વાર્થ વયસ્ક સેવાભાવી શ્રી હીરાકાકાને પાલીતાણા ગુરૂકુળનો બહોળો અનુભવ છે.

ચમત્કારી દાદા મલ્લિનાથની જમણી બાજુએ મુનીસુવ્રત સ્વામી તથા ડાબી બાજુએ આદેશ્વર દાદાની ભવ્ય અને રમ્ય પ્રતિમા પ્રતિષ્ઠિત છે. આ ઉપરાંત પદમાવતીમાતા, ઘંટાકર્ણ વીર, મણીભદ્રવીર તથા ચક્રેશ્વરી માતાની અલૌકિક પ્રતિમાઓ પણ ધ્યાનાકર્ષક છે. શ્રી નાકોડા ભૈરવ તથા ભોમીયાજી દાદા આ તીર્થસ્થાનની રક્ષા કરી રહ્યા છે. તા.૧૫-૨-૨૦૧૦ ના રોજ ગોરેગામ, મુંબઈથી શ્રી ધર્મજીન મહિલા મંડળ પણ અત્રે પધારેલ જેમાં શ્રીમતી સુર્યાબેન જશવંતભાઈ ખાંડવાળાની ૧૦૦ મી આયંબીલની ઓળી ચાલી રહી હતી. શ્રીમતી ચંદ્રીકાબેન તથા શ્રી રજનીભાઈએ તેમનુ યથાયોગ્ય બહુમાન કરેલ હતું.

વારંવાર આ તીર્થની યાત્રાએ જવાનું મન રોકી ન શકાય એ સ્વાભાવિક છે.

❑ **(સંકલન : શ્રી મહેન્દ્ર એન. શાહ)**


### લગનસંબંધી

**યુવકનું નામ** : ગૌરવ મીતુભાઈ શાહ **Height** : 6':1"
**માતા-પિતા** : દીનાબેન મીતુભાઈ શાહ **જ્ઞાતિ** : વીશા શ્રીમાળી
**જન્મ તારીખ** : ૫-૧૦-૧૯૮૧ **મહોલ્લો** : તંબોળીવાડો
**અભ્યાસ** : Engineer in Electronics. M.S. in Computer Science (U.S.A.) Job in (U.S.A.)
**Cont.** : **98928 95102 (ટૂંક સમયમાં મુંબઈ આવી રહેલ છે.)**
*Email:gauravshah1981@gmail.com*
જા x ખ

### લગનસંબંધી

**યુવકનું નામ** : **તેજસ પંકજભાઈ રમણલાલ શાહ**
**જન્મ તારીખ** : ૧ સપ્ટે ૧૯૮૪ **Height** : 5':10"
**અભ્યાસ** : B. Com., Computer Hardware Engg.
**સરનામું** : દહીસર (વેસ્ટ) **મહોલ્લોઃ** ખજૂરીના પાડો
**જોબ** : નોકરી તથા વ્યવસાય
**ફોન નંબર** : **28914203 / 9324850329 (મંગળ છે.)**
જા x ખ

# પાટણના અસ્તિત્વની યશોગાથા

ઐતિહાસિક રાજધાનીના શહેર પાટણની વિક્રમ સંવત ૮૦૨ મહા વદ સાતમના સપરમે દિવસે સ્થાપના થયેલ. તાજેતરમાં વિક્રમ સંવત ૨૦૬૬ માં તેની હયાતીના ૧૨૬૫ માં વર્ષમાં પ્રવેશ કર્યો. પાટણના મહાન રાજવી વનરાજ ચાવડાએ તેના મિત્ર અણહિલ ભરવાડની યાદમાં અણહિલપુર પાટણ વસાવ્યું. પાટણની કીર્તિને રાજયસત્તા પર આવેલા મહાપ્રતાપી રાજવી સિધ્ધરાજ જયસિંહે ચોમેર પ્રસરાવી અને વિસ્તરાવી હતી.

કલિકાલ સર્વજ્ઞ હેમચંદ્રાચાર્યજીએ વિક્રમ સંવત ૧૧૯૩ માં શુરવીર રાજવી સિધ્ધરાજ જયસિંહની મહેચ્છાને સંતોષવા અને તેનો વિષાદ દુર કરવા ગૌરવશાળી ગ્રંથ **સિધ્ધહેમ શબ્દાનુશાસન** નામક વ્યાકરણ ગ્રંથની રચના કરી. આજથી લગભગ ૯૦૦ વર્ષ પૂર્વે પાટણ નગરના સ્થાપના દિને અવંતિનાથનું બિરૂદ ધરાવતા રાજા સિધ્ધરાજ જયસિંહે હેમચંદ્રાચાર્યજી લિખીત ગ્રંથ હિરક નામક ગજરાજની અંબાડી પર અત્યંત સન્માન સાથે વિધિપૂર્વક આરૂઢ કરી નગરમાં શોભાયાત્રા કાઢી હતી. આ ઐતિહાસિક સર્જનને વધાવ્યું હતું. આજે વર્ષો બાદ પાટણ નગરનો સ્થાપના દિન રંગેચંગે ઉજવાયો. રાજા સિધ્ધરાજ જયસિંહના શાસનકાળ દરમ્યાન ઘટેલી આ વિરલ ઘટના સિધ્ધહેમ શબ્દાનુશાસન ગ્રંથની મહાયાત્રાનું પુનરાવર્તન પાટણ નગરના સ્થાપના દિવસે થયું અને સમસ્ત પાટણના નગરજનો ભાવવિભોર બન્યા. સમગ્ર શહેરમાં ચોરે ને ચૌટે આસોપાલવના તોરણો બાંધવામાં આવ્યા હતા. સમગ્ર પાટણ નગરી એક સ્વપ્નનગરી બની ગઈ હતી. આ મહામૂલા અવસરે જ્ઞાનભંડારના વિવિધ અલભ્ય ૩૨૦૦ પુસ્તકોનું ૧૨૬૦ જેટલા તાડપત્રની હસ્તપ્રતો અને હજારો પુસ્તકોનું પ્રદર્શન આમ જનતા માટે બે દિવસ સુધી નગરશેઠને હસ્તે ખુલ્લુ મુકવામાં આવ્યું હતું.

પાંચ વિભાગમાં વહેંચાયેલા આ અદ્વિતીય ગ્રંથમાં બત્રીસ અક્ષરોનો એક એવા સવા લાખ શ્લોકનો સમાવેશ કરવામાં આવ્યો છે. રાજા સિધ્ધરાજ જયસિંહે આ ગ્રંથની ૩૦૦ નકલ કરાવી કાશ્મીર, તિબેટ, કાશી, મથુરા, વારાણસી, કર્ણાટક, શ્રીલંકા, ચીન તથા વિવિધ ધર્મસ્થાનો અને વિદ્યાલયોમાં મોકલાવી હતી. પાટણના ખ્યાતનામ દેરાસર પંચાસરાજી બાજુમાં આવેલ શ્રી હેમચંદ્રાચાર્ય જ્ઞાનમંદિરથી પ્રાચીન સિધ્ધહેમ શબ્દાનુશાસનની તાડપત્રી ઉપર સુવર્ણ અક્ષરે લખાયેલી ઐતિહાસિક પ્રતનું પુજન કરી હાથીની અંબાડી પર નગરશેઠ વિરેન્દ્રભાઈ ભગવાનદાસ શાહે પ્રસ્થાપિત કર્યો હતો અને નગર સેવા સદન સુધી વિવિધ બેન્ડની સુરાવલિ અને ઢોલનગારા સાથે લઈ જવાયો હતો. નગરપતિ હેમંતભાઈ તન્નાએ આ શોભાયાત્રાને પ્રસ્થાન કરાવી હતી. આ ઐતિહાસિક શોભાયાત્રામાં જૈન મુનિ ભગવંત સોમચંદ્ર સૂરિશ્વરજી, પુંડરિક વિજયજી, હિતરત્ન વિજયજી, તત્ત્વરત્ન વિજયજી વગેરે મુની ભગવંતો સાથે અન્ય ગુરૂવર્યોએ ભાગ લીધો હતો.

જ્ઞાનપુજાના આ અનેરા યજ્ઞમાં નગરજનો મોટી સંખ્યામાં ઉમટી પડયા હતા. સામાજિક અને શૈક્ષણિક સંસ્થાઓ, ધાર્મિક સંસ્થાઓ, વિવિધ સમાજો તમામ વેપારી મહામંડળો વિગેરે હર્ષોલ્લાસ સાથે આનંદને હિલ્લોળે ચઢયા હતા. સમાજ સુધારણા, વ્યસન મુકિત સરસ્વતી વંદના, પાટણના ૧૨ દરવાજા અને ૧૩ મી બારીના પોસ્ટરો, ૩૨ જેટલા સાંબેલાઓ, ૩૦ જેટલી ઉંટગાડીઓ, આશરે ૧૦૦ જેટલા બાઈક સવારો વિગેરે આ યાત્રામાં જોડાયા હતા. સાંઈબાબા સંસ્થાન, જલારામ મંદિર, બહેરા-મુંગાની શાળા, સંગીત શાળા, ડૉ.પંડયા અભ્યાસ ગૃહ, પાટણ બનાસકાંઠા મહેસાણા જિલ્લાના વિવિધ રાજપૂત સમાજો વગેરે ટેબ્લો અને પાટણની ભાતીગળ સંસ્કૃતિની ઝાંખીઓ સાથે સહભાગી થયા હતા. રોટરી કલબ ઓફ પાટણ, ભારત વિકાસ પરિષદ અને લાયન્સ કલબ દ્વારા પુષ્પ પાંદડી, અક્ષત અને કુમકુમ વડે ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું. નગરશેઠ તથા અન્ય મહાનુભવોનું શાલ અને પુષ્પગુચ્છથી સન્માન કરવામાં આવ્યું હતું.

અતિથિ રાજવીઓ, ચાંદીની બગીમાં નીકળ્યા હતા. નગરપતિ પૂર્વ નગરપતિ, નગરશેઠ પરિવાર, શ્રી યતીનભાઈ ગાંધી, મુકુન્દભાઈ બ્રહ્મક્ષત્રિય, સતીષભાઈ ઠકકર, ભરતભાઈ રાવલ તથા અન્ય મહાનુભવો, નગરના અગ્રણીઓ અને કાર્યકરો અત્રે ઉપસ્થિત રહ્યા હતા. નગર સેવા સદન, ભદ્રથી આરંભ થયેલ ઉકત ગ્રંથ યાત્રા બગવાડા દરવાજે સભામાં ફેરવાઈ ગઈ હતી. જયાં સાંસ્કૃતિક કાર્યક્રમનુ આયોજન કરવામાં આવ્યું હતું. પાટણની પ્રભુતાના પથસારથીઓએ આ ઉત્સવને મહોત્સવ બનાવી મનભરી ઉજવ્યો અને માણ્યો હતો.

❑ **સંપાદક સમિતિ**

## સ્પંદન (વાઈબ્રેસન્સ)

**યાદોના ઝરૂખેથી ફોરમતી સ્મૃતિત સુરભિ**
**હળવે હૈયાને છંછેડતી હજી મને યાદ છે!**

**માનસ રીસોર્ટના રૂમના કાંચ પર સરતી**
**વરસાદની ઝરમર વાંછટ પણ યાદ છે!**

**યૌવનમાં માણેલા ઉમડતા તોફાની સ્પંદનો**
**વ્યથા અને વ્યવહારના વિધાનો હજી યાદ છે!**

**ઉભરતા વક્ષથી સરકતા સાલુનો પાલવ**
**સંતાકૂકડી રમતા ચાંદરણા હજી યાદ છે!**

**વેદનાથી વ્યથીત ચાહતના થીજેલા ચહેરા**
**પરના ઉમટેલા વાઈબ્રેસન્સ મને યાદ છે!**

**સ્મૃતિની ક્ષિતિજે સંઘરાયેલા એ ભીના સંબંધો**
**સંવેદના તણા ઘેરા સૂર-સ્વર હજી યાદ છે!**

❑ **મહેન્દ્ર નેમચંદ શાહ (ગુંદરવાલા)**


## લગનસંબંધી

| | | | |
|---|---|---|---|
| **યુવકનું નામ** | : **વિરલ હેમંતભાઈ શાહ** | | |
| **માતા-પિતા** | : જયશ્રી હેમંતભાઈ શાહ | | |
| **જન્મ તા.** | : ૨૭-૦૯-૧૯૮૩ | **ઉંચાઈ** | : ૬':૪'' |
| **અભ્યાસ** | : બી. કોમ. | **વ્યવસાય** | : નોકરી |
| **મહોલ્લો** | : મનમોહનજીની શેરી | **મોબાઈલ** | : **૯૦૨૨૦૬૨૯૮૨** |
| **મોસાળ** | : શ્રી હેમંતભાઈ દિલીપભાઈ શાહ | **મો.** | **૯૮૨૧૩૬૫૪૫૬** |
| | શ્રી મનીષભાઈ વિજયભાઈ શાહ | **મો.** | **૯૮૩૩૦૨૧૨૫૧** |

જા x ખ

**શ્રી શંખેશ્વર પાર્શ્વનાથાય નમઃ** ESTD : 1998

૧૧ વર્ષથી પાટણ પરિવાર ના જૈન યુવક-યુવતીઓ માટે ચાલતો

**અલ્પા મેરેજ બ્યુરો**

આપણા માટે નવી સુવીધા સાથે.... ડાયરેક મીટીંગ ની વ્યવસ્થા

સ્પેશ્યલ ક્લાસ માટે ઈ મેઈલ ફેશીલીટી, **વધુ વિગત માટે સંપર્ક :**

**શ્રીમતી અલ્પા શાહ 02502500135 - 9823218746**

સમય : 9 to 12 સાંજે 7 to 10

જા x ખ

**દર અમાસે અમારો મેરેજ બ્યુરો બંધ રહેશે. email :** alpashah5@yahoo.co.in

# જીંદગી જીવવાની જડીબુટ્ટી

જીંદગી એક એવું પીણું છે જેનો સ્વાદ આરંભથી અંત સુધી કદી એકસરખો હોઈ શકતો નથી. માણસનાં જીવનની કોઈ પણ અવસ્થામાં અને કોઈપણ માણસ પાસે જીંદગીનો પ્યાલો ભરેલો તો હોતો જ નથી અને એને ભરી દેવાની કે છલકાવી દેવાની માણસની ચેષ્ટા પણ મિથ્યા હોય છે.

જીંદગી સ્થિર ચિત્ર નથી પણ પળે પળે ચાલી જતી ચિત્રશ્રેણી છે. જીંદગીનાં રંગો પળે પળે પલટાતા રહે છે. આપણી બહુ મોટી ભૂલ છે કે આપણે જીંદગીને સમજી શકતા નથી અથવા તો સમજપૂર્વક સ્વીકારી શકતા નથી !

આપણે આખી જીંદગી ક્લેશ, ચિંતા ને હતાશામાં વેડફી નાંખીએ છીએ અને ઘડપણમાં જ્યારે મૃત્યુનાં ઉંબરે આવીને ઊભાં રહીએ ત્યારે અફસોસ કરીએ કે 'હું જીવ્યો જ ક્યાં છું ? આટલાં વર્ષો તો ખાલી શ્વાસ લીધા કરતો હતો' - પોતાનાં અસ્તિત્વને જેમ તેમ ટકાવી રાખવું એ કાંઈ જીવ્યું કહેવાય ?

માણસ જ્યારે પોતાનામાં કઈ રસ લેતો નથી ત્યારે તેને આસપાસની દુનિયામાં પણ રસ પડતો નથી કેમ કે આપણને દુનિયામાં જે રસ પડે છે તે હકીકતમાં આપણી જાતમાં આપણને જે રસ હોય છે તેનો જ ઉછાળો છલકાઈને બહાર ફેલાય છે.

મનની વાત વ્યક્ત ન કરી શકવી, હોઠ સુધી આવી ગયેલા શબ્દોને હૈયામાં ભંડારી દેવા, અંતરમાં અટવાતી અકળામણોનો શબ્દોચ્ચાર ન કરી શકાય તે મનોદશા કેટલી અકળાવનારી હોય છે તેનો અનુભવ ક્યારેક ને ક્યારેક આપણને સહુને થયો હશે !

તકલીફ કોના જીવનમાં આવતી નથી ? જીંદગીનો પથ જ એવો છે કે તેમાં ચડઉતર, ખાડા ટેકરા, ખતરનાક વળાંકો, અણધારી અડચણો આવીને ઊભાં રહે છે. દુઃખ તો બધાને પડે છે, પણ દુઃખનો સહુથી અધિક ભાર સંવેદનશીલ હૈયાને લાગે છે. જીવનમાં આશાઓ અને અપેક્ષાઓ પ્રમાણેનું બધું જ મળી રહે એ ક્યારેય શક્ય નથી, પરંતુ તેથી હતાશ ના થવાય. પોતે જ કમભાગી છે એમ માનીને દુઃખી ના થવાય. અંધારૂં ક્યારેય કાયમ રહેતું નથી. અંધારાનો અંત એટલે જ ઉજાસ !

માણતાં આવડે તો કોઈપણ સમય ખરાબ નથી. દુઃખને અટકાવી ના શકાય પરંતુ હળવું જરૂર કરી શકાય. ધીરજ, સહનશક્તિ અને આત્મવિશ્વાસ હોય તો સમયની સાથે બધુ થાળે પડી જાય છે. જીવનની ઉજળી બાજુને જોવાની વ્યક્તિની ક્ષમતા, તેનું આનંદીપણું, તેની ધીરજ, અનુભવજન્ય આત્મવિશ્વાસ, સાચા હૃદયની પ્રાર્થના અને જેને બદલી શકાય તેમ ન હોય તેનો સ્વીકાર કરીને જીવવાની તૈયારી વ્યક્તિને ગમે તેવી કટોકટી સામે ઝઝૂમવાનું બળ આપે છે.

જીંદગીને પોતાની પસંદગી જેવી બનાવવા માટે માણસે ઘણી બધી તૈયારી કરવી પડે છે. પોતાની વિચારસરણી, અભિગમ, વલણ અને મનોબળનું યથાયોગ્ય ઘડતર કરવું પડે છે. પછી જીંદગીને સમજવી પડે છે. તેનો વિસ્તૃત અને ઊંડો અભ્યાસ કરીને અસલ વાતને સમજવી પડે છે.

સહુથી પહેલાં તો નિરાશ કે હતાશ થવાની અથવા હશિયાર હેઠાં મુકીને બેસી જવાની ટેવમાંથી માણસે છૂટી જવું પડે ! ન ધારેલાં સંઘર્ષો જીંદગીમાં આવશે, ન ધારેલા સંયોગો ઉપસ્થિત થશે, ન ધારેલ એવા સ્વભાવવાળી વ્યક્તિઓ જીંદગીમાં ગોઠવાઈ જશે.... ડગલે ને પગલે જ્યારે સંઘર્ષના, કડવાશ ઊભી થવાના, વિસંવાદ સર્જાવાના પ્રસંગો ઉપસ્થિત થાય ત્યારે તેમાંથી મધુરતા કેમ જન્માવવી , સમાધાન અને સમન્વય કેમ સાધવો, સંવાદિતા કેવી રીતે સર્જાવવી તે જ મહત્ત્વનું છે.

માણસે રસ્તા ઉપરની નાની નાની અડચણોની આગળ જોતાં શીખવું જોઈએ. રસ્તાનો એક લાંબો ટુકડો ખરાબ હોઈ શકે છે, પણ તેને આખા રસ્તાની ખરાબીનો એકમાત્ર પુરાવો ગણવાની જરૂર હોતી નથી. દુનિયાની પરિસ્થિતિ ભલે ગમે તેવી હોય પણ તમારી અંદરની કોઈ નકારાત્મક બાબત એ પ્રકાશને ઝાંખો ન પાડે તે જુઓ. દુનિયામાં અંધકાર જેમ વધુ ગાઢ બનતો જાય તેમ તમારા અંતરઆકાશમાં પ્રકાશનાં શક્તિ અને સામર્થ્ય વધવાં જોઈએ.

**''શાંત હો આકાશ તો ઊડે પતંગો બેસુમાર,**
**'શુન્ય' કિંતુ આંધીઓમાં પણ ચગે એ જીંદગી !''**

દુઃખમાં પણ સુખનો સ્પર્શ કરી શકો તો સમજજો કે જીંદગી તમારી છે ! માનવીની એ સ્થિતિને કોઈ સિધ્ધિથી ઓછી આંકવા જેવી નથી, કે જ્યારે માણસની ભીતરે વેદનાના ભંડાર હોય, ત્યારે ચહેરા પર સ્મિત ફરકતું હોય. કંઈક અવનવું, અજુગતું, અણધાર્યું, અણગમતું બને ત્યારે નિરાશ કે નાસીપાસ થયા વિના, ઉદ્વિગ્ન બન્યા વિના તેને વધાવી લે તે 'વિજેતા' કહેવાય ! બહારનાં કોઈ પરિબળો અંદરની મધુરતાને ખલેલ પહોંચાડતાં અટકી જાય એવી અવસ્થાને 'ખરી પુખ્તતા' કહેવાય. જીવનને સમજવાની અને માણવાની જેટલી 'સજ્જતા' માણસમાં વધારે એટલું એનું જીવન ચઢિયાતું !

જીવનમાં શા પરિણામ પ્રગટશે તેનો આધાર આપણા ઉપર જ છે. કોઈની જીંદગીમાં એટલો બધો ભાર હોતો જ નથી કે તે જીવી ન શકે, બરાબર ચાલી ન શકે.... થોડાંક અપવાદરૂપ કિસ્સા હશે જેમાં જીંદગી ખરેખર અસહ્ય હશે..... ગામડાની પનિહારીનાં માથા ઉપર વગર ઈંઢોણીએ બે બેડા હોય છે, કાખમાં ગાગર હોય છે અને છતાં તે સમતુલા ગુમાવ્યા વિના, મોં ઉપરનું સ્મિત ખોયા વગર ચાલે છે. માણસની જીંદગીની હેલનું પણ આવું જ છે, તેને ઉપાડતા શીખવાની જરૂર હોય છે.

સાદુ, સાત્વિક જીવન, દંભ અને કપટરહિત વહેવાર, ઉદાર અભિગમ અને ગુણાનુરાગી વલણ જેમનું છે તેઓ જીવનની દરેક પ્રવૃત્તિમાં આનંદ માણી શકે છે. પોતાનું સંતુલન ખોયા વગર, ધારેલું કે અણધારેલું જે કાંઈ આવે તે બધુ જ ઝીલીને યોગ્ય જગાએ ગોઠવવું એનું નામ જ **'જીવનકલા'**.... !

❑ **ઊર્વિ જવેરી**

અનુસંધાન પાના નં ..... ૨ થી

**છે. તો ખૂબ ભણી લ્યો પાંચ-સાત વર્ષમાં ગ્રેજ્યુએશન, ડીગ્રી મેળવી લ્યો. બાકીનાં ૫૦ વર્ષ સુખેથી જીવન વિતાવી શકશો. અત્યારે જો સુખમાં મહાલશો અને ભણતરની ઉપેક્ષા કરશો તો બાકીના ૫૦ વર્ષ તમારે તકલીફમાં વિતાવવાના રહેશે. નિર્ણય તમારે લેવાનો છે.**

*Wish You All The Best !!!*

**શ્રીમતી ભારતી ભગુભાઈ શાહ**
**શ્રી મહેન્દ્રભાઈ નેમચંદ શાહ**
❑ **માનદમંત્રીઓ, સંપાદક સમિતિ**

## D + ANGER = DANGER

દીવાસળીની કાંડી જેમ જરાક ઘર્ષણ થતાં આગ પ્રગટાવે છે તેમ દિલીપભાઈ પણ નાની અમથી વાત પર પણ ચીડાઈ જતાં જોઈને સુરેશભાઈએ એમને સમજાવતાં કીધું કે, થોડું મન વિરૂધ્ધ થતાં તમે આમ ઉશ્કેરાઈ જાવ છો તે તમારી તબિયત માટે સારૂ નથી. શા માટે B. P. ને, માનસિક સંતાપને, સામે ચાલીને આમંત્રણ આપો છો ?

દિલીપભાઈ કહે પણ હું શું કરૂ ? મને કાંઈ સમજ પડતી નથી. તમે જ મને કોઈ રસ્તો કહો. માર્ગદર્શન કરો. ત્યારે સુરેશભાઈએ તેમને કીધું કે, સૌપ્રથમ તો આપણને ક્રોધ થાય છે તે માન્ય કરો. પછી ગુસ્સો કેમ આવે છે તે શોધો. સામેનાને બરાબર સાંભળો. ધીરજ રાખો. એક નો ગુસ્સો બીજાપર ન કાઢો. સામેનાની ભૂલ થઈ હોય તો ક્ષમાં આપતાં શીખો. ઊંડા શ્વાસલો. અને છેલ્લે રોજનો દિવસ આપણી જીંદગીનો છેલ્લો દિવસ છે તેમ માની આનંદથી જીવવાનો પ્રયત્ન કરો. નહીં તો પછી D + ANGER = DANGER છે જ. તમારા માટે અને કુટુંબના બાકીના સભ્યોમાટેપણ !

કેમ ખરૂ ને ?

❑ **શ્રી દિપકભાઈ ગુણવંતલાલ શાહ**

## અભિનંદન

**શ્રી પ્રફુલભાઈ કાંતિલાલ શાહ** (કુંભારીયા પાડો) છેલ્લા ત્રણ વર્ષથી સ્ટેન્ડર્ડ ચાર્ટડ મુંબઈ મેરેથોનમાં સિનીયર સીટીઝન ગ્રુપમાં ૪.૩ કિ. મી. માં ભાગ લે છે. આ વર્ષે રવિવાર, તા. ૧૭-૧-૨૦૧૦ ના યોજાયેલ મેરેથોનમાં તેઓએ તથા તેમનાં પત્નીએ પણ ભાગ લીધેલ હતો. ૪.૩ કિ. મી. નું અંતર તેમણે ૪૭ મિનિટમાં તથા તેમની પત્ની મૃદુલાબહેને ૬૦ મિનિટમાં પુરૂ કર્યું હતું.

### અગત્યની સૂચના

## મેડીકલેઈમ ગ્રુપ પોલીસી

શ્રી પાટણ જૈન મંડળની મેડીકલેઈમ ગ્રુપ પોલીસી યોજનામાં જોડાયેલા પરિવારના સભ્યોની પોલીસી સને ૨૦૧૦-૧૧ ના વર્ષ માટે મે. ઓરીએન્ટલ ઈન્સ્યુરન્સ કંુ. દ્વારા તા.૧૨-૨-૨૦૧૦ થી એક વર્ષ માટે રીન્યુઅલ થઈ ગયેલ છે. જેમાં પ્રિમીયમની દરેક ફેમીલીએ કેટલી રકમ ભરવાની થાય છે, તેની જાણકારી દરેકને અલગ પત્ર દ્વારા આપવામાં આવશે.

હાલમાં વ્યકિતગત મેડીકલેઈમ પોલીસી તેમજ ગ્રુપ પોલીસીની યોજના કાર્યરત છે.

સમાજના આર્થિક રીતે જરૂરિયાતવાળા કુટુંબોને આ યોજનામાં જોડાઈ ભવિષ્યમાં આવનારા મેડીકલ સારવારના ખર્ચનું સુરક્ષા છત્ર મેળવી આપવાનો મંડળનો નમ્ર પ્રયાસ છે.

આપણા સમાજના દરેકે દરેક પરિવારની મેડીકલેઈમ પોલીસી હોવી જોઈએ. આપશ્રીએ વ્યકિતગત કે ગ્રુપ મેડીકલેઈમ પોલીસી કઢાવેલ ન હોય અને મંડળની ગ્રુપ પોલીસીમાં જોડાવા માગતા હોય તેવા સભ્યોએ પોતાના પરિવારના સભ્યોના પુરા નામો, સ્ત્રી-પુરૂષ, સબંધ, ઉંમર, જન્મતારીખ, સરનામું, પાટણનો મહોલ્લો, ટેલીફોન નંબર વિગેરે વિગતો લેખીતમાં મુખ્ય કાર્યાલય ખાતે તા. ૫-૩-૨૦૧૦ સુધીમાં મંડળમાં મોકલાવી આપવી. અનુકૂળતા હશે તો તેમની ગ્રુપ પોલીસી ઉતરશે.

❑ **મેડીકલ સમિતિ**


**GOA** **Contact : 98221 03020**

**ACCOMODATION AVAILABLE CLOSE TO THE BEACH**

- Two Bedroom Flats
- Fully Furnished with Cooking Facilities
- One A/C Room in each flat-with Gizer and T. V. Facilities
- Tariff : Rs. 500/- per person per day

Address : "C.D. SEA SHELLS" Zalor Beach, Near Ramada Hotel, Fatrade, Varca, Salcete, SOUTHGOA

Railway Stn : Margao (10 km. from station)

જા X ખ

## પાટણના શ્રી સંઘવી પાડાના તાડપત્રીય જૈન ગ્રંથ ભંડારનો એક પરિચય

ઉત્તર ગુજરાતના મહેસાણા જિલ્લામાં પાટણ (પ્રાચીન નામ- અણહિલ પાટણ) નગરમાં પ્રાચીન તાડપત્રીય ગ્રંથોનો એક મહાન ભંડાર છે. આ ભંડાર હમણાં સુધી પાટણના સંઘવી પાડામાં હતો. તેથી 'સંઘવી પાડાના ભંડાર' તરીકે ઓળખાય છે.

સંઘવી પાડામાં એક (પૌષધશાળા-ઉપાશ્રય) છે તેમાં આ ભંડાર હતો. એમ સાંભળવામાં આવ્યું છે કે ઘણાં ઘણાં (બસો-ચારસો કે એથી પણ વધારે) વર્ષો પહેલાં આ ઉપાશ્રયમાં રહેતા ગોરજીએ આ તાડપત્રીય ભંડાર સંઘવી પાડામાં રહેતા શ્રી સેવંતીલાલ છોટાલાલ પટવાના પૂર્વજોને સાચવવા માટે આપેલો હતો તેથી શ્રી સેવંતીલાલ છોટાલાલ પટવાના પૂર્વજો ઘણી પેઢીઓથી આ ભંડાર સંભાળતા હતા. અને જ્યાં સુધી તેઓ જીવ્યા ત્યાં સુધી પ્રાણ કરતા પણ અધિક ગણીને આ ભંડાર સાચવ્યો હતો. તેમના સ્વર્ગવાસ બાદ તેમના સુપુત્રો નરેન્દ્રકુમાર, બિપિનચંદ્ર, તથા દિપકકુમાર આ ભંડારને વ્યવસ્થિત કરવા ઈચ્છતા હતા. તેમની ઈચ્છાને ધ્યાનમાં લઈને વિક્રમ સંવત ૨૦૩૨ નાં ઉનાળામાં પૂ. જંબૂવિજયજી મ. સાહેબને પાટણ જવાનું થયું ત્યારે તેમનાં પ્રથમ શિષ્ય દેવતુલ્ય સ્વ. મુનિરાજની દેવભદ્ર વિજયજી આદિ સાથે મળીને આ ભંડારને વ્યવસ્થિત કરવાનું કાર્ય આરંભ્યું હતું.

આજથી ૬૦ વર્ષ પહેલાં જેમણે આપણાં અનેક પ્રાચીન ભંડારોને વ્યવસ્થિત કર્યા છે તે પ. પૂજ્ય પ્રર્વતક શ્રી કાંતીવિજયજી મ. સા. તથા તેમના શિષ્ય-પ્રશિષ્ય મુનિભગંવત શ્રી ચતુરવિજયજી મ. સા. તથા શ્રી પુણ્યવિજયજી મ. એમ પ્રણેય મુનિભગંવતોએ આ ભંડારનાં ગ્રંથોને સાઈઝ પ્રમાણે ગોઠવી તેના રક્ષણ માટે લાકડાના ડબ્બા વગેરેની વ્યવસ્થા કરેલી. વિક્રમ સંવત ૨૦૩૨ નાં જેઠ વદ ૬, તા. ૧૭ મી જુન ૧૯૭૬ નાં રોજ, બેન્ડ બાજાં સાથે વાજતે ગાજતે અત્યંત બહુમાન પૂર્વક શ્રી પંચાસર પાર્શ્વનાથના દેરાસર પાસે આવેલા અને જેની વ્યવસ્થા પાટણ જૈન સંઘના અધિકારમાં છે. તે શ્રી હેમચંદ્રાચાર્ય જૈન જ્ઞાનમંદિરને સમર્પિત કર્યો હતો. છતાં તેના મૂલ સ્થાન ઉપરથી 'સંઘવી પાડાના ભંડાર' તરીકે ઓળખાય છે. આમ તેનું વિશિષ્ટ સ્થાન જાળવી રાખવામાં આવ્યું છે.

શ્રી સંઘવી પાડાના ભંડારના ગ્રંથોમાં બે વિભાગ છે. પહેલા વિભાગમાં ૧ થી ૨૦૬/૨ પેટી સુધીના ગ્રંથો સારા છે. બીજાં વિભાગમાં જીર્ણ, ત્રુટક તથા ચોંટેલા ગ્રંથો હોવાથી તેનો ઉપયોગ કરવાનું કામ અત્યંત મુશ્કેલ છે. આ વિભાગમાં પણ ૧ થી ૧૭ પેટીઓ છે. આ બંને વિભાગો અલગ છાપેલાં છે. સંઘવીના પાડાના મૂલ વ્યવસ્થાપક સ્વ. શ્રી સેવંતીલાલ પટવા અને તેમના સુપુત્રોને ધન્યવાદ છે. આ ભંડારને સાચવીને શાશનની સેવા કરે છે.

શ્રી હેમચંદ્રાચાર્ય જૈન જ્ઞાનમંદિરના ટ્રસ્ટીઓ પાટણના શ્રી જૈન સંઘ વતી તે સૌનો આભાર માને છે.

આ માહિતી પૂ. આચાર્ય શ્રી જંબૂવિજયજી મ. સા. શ્રી હેમચંદ્રાચાર્ય જૈન જ્ઞાનમંદિરને મોકલી આપેલી હતી.

❑ **સંકલન**

## ૪૫ વર્ષ ઉપરનાઓની ક્રિકેટ મેચ

સમાજના ૪૫ વર્ષ કે તેથી વધુ વયના ભાઈઓ માટે એક દિવસીય પ્રદર્શન મેચનું તા. ૭-૩-૨૦૧૦ નાં ગોરેગામ સ્પોર્ટસ ક્લબ ખાતે આયોજન કરવામાં આવેલ છે. જેમાં ભાગ લેવા ઈચ્છતા ખેલાડીઓએ પોતાનું પુરૂ નામ, ઉમર પાટણનો મહોલ્લો, રહેઠાણ વિસ્તાર, મોબાઈલ નંબર સહિતની વિગતો તા. ૧-૩-૨૦૧૦ સુધીમાં મંડળના મરીન ડ્રાઈવ તથા ગોરેગામ ખાતેના કાર્યાલયમાં **રૂા. ૧૦૦/- રીફન્ડેબલ ડીપોઝીટ ભરી નોંધાવવા વિનંતી** છે. જે મેચ પૂર્ણ થયા બાદ પરત કરવામાં આવશે.

આ ઉપરાંત મેચનો પૂર્ણ આનંદ મેળવી શકાય તેવા શુભ આશયથી આપ ખેલમાં બેટીંગ, બોલીંગ, ફિલ્ડીંગ, વિકેટ કીપીંગ વગેરેમાંથી જે ક્ષેત્રે વધુ પાવરધા હોય તે ખાસ જણાવશો. જેથી ટીમોની સુયોગ્ય ગોઠવણી કરી શકાય.

❑ **સ્પોર્ટસ સમિતિ**

**શ્રી પાટણ પંચાયત ફંડ સંચાલિત શેઠાણી હિરાલક્ષ્મી પુનમચંદ કોટાવાળા જૈન ભોજનશાળા,**
ટાંગડિયા વાડો, પાટણ - ફોન : ૦૨૭૬૬-૨૨૫૮૫૩

**નૂતન સહાય યોજના**

**મુખ્ય આધાર સ્થંભ : રૂા. ૩,૧૧,૦૦૦/-** ✦ **સહાયક આધાર સ્થંભ : રૂા. ૧,૧૧,૦૦૦/-** ✦ **કાયમી ફી પાસ યોજના : રૂા. ૭૧,૦૦૦/-**
રકમ આપીને એક સાધર્મિક ભાઈ અથવા બહેનને કાયમી ફી જમાડી શકો છો. દાતાની ફોટો સંસ્થામાં મૂકવામાં આવશે.
**કાયમી તિથિ : રૂા. ૩૧,૦૦૦/-** ✦ **દાતા ફોટો યોજના :રૂા. ૩૧,૦૦૦/-** રકમ આપનાર દાતાનો ફોટો ભોજનશાળા હૉલમાં મૂકવામાં આવશે.
**વાર્ષિક ચતુર્વિધ સંઘ ભક્તિ સહાયક યોજના : રૂા. ૨,૫૦૦/-** ચતુર્વિધ સંઘ ભક્તિનો એક દિવસની તીથીનો લાભ મેળવી શકો છો. તિથિના દિવસે બોર્ડ પર નામ લખવામાં આવશે.

**આ સંસ્થાને અપાતું દાન ૮૦-જી અનુસાર કરવેરામાં રાહતને પાત્ર છે.**

સાધુ, સાધ્વી , શ્રાવક, શ્રાવિકા એટલે કે ચતુર્વિધ સંઘ જેની ગણના જૈનશાસ્ત્રમાં પચ્ચીસમાં તીર્થકરની બરાબર કરવામાં આવેલ છે. એ ચતુર્વિધ સંઘની ભક્તિનું ઉત્કૃષ્ટ કાર્ય આપણા વડીલોએ સ્થાપેલ પાટણની આ ગૌરવવંતી સંસ્થા છેલ્લા ૧૧૦ વર્ષથી કરતી આવી છે. આપશ્રી પણ આપની ભાવના અનુસાર ઉપરોક્ત કોઈપણ યોજનામાં સહયોગ આપી સમાજસેવાનું અતિ ઉત્કૃષ્ટકાર્ય કરી શકો છો.
જા+ખ સૌજન્ય : **મે. પ્રદીપકુમાર ફાર્મા પ્રા. લિ. તથા મે. કે. સેવંતીલાલ એન્ડ કું., મુંબઈ**
જા x ખ

## પ્રસંગકથા

એક ધનવાન માણસ હતો. દરિયામાં એકલા ફરવા તેને બોટ વસાવી હતી. રજાના દિવસે તે પોતાની બોટમાં દરિયો ખુંદવા નીકળ્યો. મધદરિયે પહોંચ્યો ત્યાં દરિયામાં તોફાન આવ્યું. બોટ ડુબવા લાગી. બોટ બચવાની કોઈ શકયતા ન લાગી ત્યારે એણે લાઈફ જેકેટ પહેરીને દરિયામાં પડતું મૂક્યું. બોટ ડૂબી ગઈ. તોફાન પણ શાંત થઈ ગયું. તરતો એ માણસ એક ટાપુ પર પહોંચી ગયો. ટાપુ ઉપર કોઈજ ન હતું.

ટાપુના ફરતે ચારે તરફ ધુધવતા દરિયા સિવાય કંઈ નજરે પડતુ ન હતું. એ માણસે વિચાર્યું કે મેં તો મારી આખી જિંદગી માં કોઈ નું કંઈ બૂરૂ કર્યું નથી તો પછી મારી હાલત આવી શા માટે થઈ ? તેનો મને જવાબ આપ્યો કે જે ઈશ્વરે તોફાની દરિયાથી તને બચાવ્યો છે એજ ઈશ્વર કંઈક રસ્તો કાઢી આપશે. દિવસો પસાર થવા લાગ્યા. ટાપુ પર ઉગેલા ઝાડપાન ખાઈને એ માણસ દિવસો પસાર કરતો હતો. થોડા દિવસમાં તેની હાલત ખાવા જેવી થઈ ગઈ. ધીમે ધીમે તેની શ્રદ્ધા તૂટવા લાગી ઈશ્વરના અસ્તિત્વ સામે પણ તેને સવાલો થવા લાગ્યા. ભગવાન જેવું કંઈ છેજ નહિ બાકી મારી હાલત આવી ન થાય. ટાપુ ઉપર કેટલા દિવસો કાઢવાના છે એ તેને સમજાતું ન હતું. તેને થયુ કે લાવ નાનકડું ઝૂંપડું બનાવી લઉં. ઝાડની ડાળી અને પાંદડાની મદદથી તેણે ઝૂંપડું બનાવ્યું. એને થયું કે, કાશ આજની રાત આ ઝૂપડામાં સુવા મળશે મારે ખુલ્લામાં સૂવું નહીં પડે. રાત પડી ત્યાં વાતાવરણ બદલાયું.

અચાનક વીજળીના કડાકા-ભડાકા થવા લાગ્યા, ઝુંપડીમાં સુવા જાય એ પહેલાં જ ઝુંપડી ઉપર વીજળી પડી. આખી ઝુંપડી ભડભડ સળગવા લાગી. એ માણસ સળગતી ઝૂંપડી જોઈ ભાંગી પડયો. ઈશ્વરને મનોમન ભાંડવા લાગ્યો. તું ઈશ્વર નથી રાક્ષસ છો, તને દયા જેવું કંઈ નથી. તું અત્યંત ક્રૂર છો.

હતાશ થઈને માથે હાથ દઈ એ માણસ રડતો રડતો બેઠો હતો. અચાનક જ એક બોટ ટાપુના કિનારે આવી. બોટમાંથી ઉતરીને બે માણસો તેની પાસે આવ્યા. તેણે કહ્યું, અમે તમને બચાવવા આવ્યા છીએ. તમારૂં સળગતું ઝૂંપડું જોઈને અમને થયુ કે આ અવાવરૂ ટાપૂ પર કોઈ ફસાયું છે. તમે ઝૂંપડું સળગાવ્યુ ન હોત તો અમને ખબર જ ન પડત કે અહીં કોઈ છે !

એ માણસની આંખમાંથી દડદડ આંસુ વહેવા લાગ્યા. ઈશ્વરની માફી માંગી અને કહ્યું કે મને ક્યાં ખબર હતી કે તેં તો મને બચાવવા માટે મારૂં ઝૂંપડું સળગાવ્યું હતું !

કંઇક ખરાબ બને ત્યારે માણસ નાસીપાસ થઈ જાય છે. હેલન કેલરે એક સરસ વાત કહી છે કે, ''જ્યારે ઈશ્વર સુખનું એક બારણું બંધ કરી દે ત્યારે સાથોસાથ સુખના બીજા બારણાઓ ખોલી દે છે પણ આપણે મોટા ભાગે બંધ થઈ ગયેલાં સુખના બારણાં તરફ જ જોઈને બેસી રહીએ છીએ. બીજી તરફ નજર જ નાખતા હોતા નથી.''

સમય અવળચંડો છે. ઘણી વખત બધું જ આપણી મુઠ્ઠીમાં હોય એવું લાગે છે અને ઘણી વખત સાવ ખાલી હાથમાં આપણી રેખાઓ પણ આપણને પારકી લાગવા માંડે છે. સમયમાં જ સમયની વ્યાખ્યા છુપાયેલી છે ત્રણ અક્ષરના સમયને તોડીને બે. બે. અક્ષરો કરો તો એક શબ્દ થશે સમ અને બીજો થશે મય. સમ એટલે સરખું અને મય એટલે કે મગ્ન જે દરેક સમને સમ એટલે કે સરખો સમજીને મય એટલે કે મગ્ન રહે છે તેને સમયનો ડર લાગતો નથી.

## ભુલ સુધાર

શ્રી પાટણ જૈન મંડળના અને ૨૦૦૮-૦૯ ના વાર્ષિક હિસાબો, સરવૈયુ તથા ૪૬ મો વાર્ષિક અહેવાલમાં શરત ચૂકથી નીચે મુજબની પ્રીન્ટીંગ ક્ષતિઓ રહી જવા પામેલ છે તે સુધારીને વાંચવા વિનંતી

- પાના નં. ૧૪ તથા ૮૩ વિદ્યાલય નિભાવ ફંડ ખાતે રૂા. ૧,૨૫,૦૦૦/- શ્રી કીર્તિલાલ તારાચંદ શાહ બે છપાયેલ છે તેને બદલે એક વખત **શ્રી કીર્તિલાલ સોમચંદ શાહ** સુધારીને વાંચવુ.
- પાના નં. ૩૬ નવા હોદ્દેદારો તથા ટ્રસ્ટીઓની નિમણુંક માં **પ્રોગ્રામ સમિતિ માનદમંત્રી શ્રી વિક્રમભાઈ સારાભાઈ શાહનુ** નામ છપાયેલ નથી તે સુધારીને વાંચવું.
- વ્યવસ્થાપક સમિતિના સભાસદોની નામાવલીમાં પાના નં. ૭૧ ઉપર **શ્રી ધર્મેશભાઈ દિલીપભાઈ ઝવેરીનું** નામ છપાયેલ નથી તો સુધારીને વાંચવુ.
- પાના નં. ૭૮ આર્થિક સહાય ફંડ માં શ્રી હેમંતભાઈ કાંતીલાલ સાલવી **રૂા. ૨૫૦૦/- છપાયેલ છે, તેને બદલે રૂા. ૨૫૦૦૦/-** સુધારીને વાંચવું.

❑ **માનદમંત્રી ઓ, એડમીનીસ્ટ્રેશન**
**શ્રી પાટણ જૈન મંડળ**


## SANSKAR SADHANA FOUNDATION

- **REQUIRED** young Experienced/Fresh Teachers with ECC ED for Pre-school and Activity Centre at Bhayandar (East)
- Also required young and Enthusiastic Female Centre Head Administrative Asst Coordinators Teachers for Skating, Vocal, Tablas, Keyboard, Sanskrit, Chess, Drama Pottery & Gymnastics

***Walk in Interview 5 to 7 pm***

Blackie House, 103, W H Marg, Opp GPO, Mumbai - 400 001

Mail your Resume at : **sales@steelitegroup.com**

જા x ખ

## વિવેક -જ્યોત પ્રગટાવો.

વિવેક-જ્યોત પ્રગટાવો બંધુઓ વિવેક -જ્યોત પ્રગટાવો (ધ્રુવ પંક્તિ)
સત્ય, ન્યાય ને શ્રેયનો વિવેક છે આધાર,
સ્વતંત્રતા, સમાનતા ને બંધુત્વનો વિવેક છે આધાર,
હિત-અહિત, સાર-અસાર ને નિરક્ષીરનો વિવેક છે આધાર,
વિવેક -જ્યોત પ્રગટાવો બંધુઓ....
જ્ઞાન-વિજ્ઞાન ને તત્વજ્ઞાનનો થાય વિવેક વડે વિકાસ,
સાહિત્ય, સંગીત ને સકળ કળાનો પણ વિવેક થકી વિકાસ,
તિમિર ભેદે, પ્રભા પ્રગટાવે, પ્રજ્ઞા વિવેક-દીપ પ્રકાશ,
વિવેક -જ્યોત પ્રગટાવો બંધુઓ....
પ્રેમ-પ્રવૃત્તિ સહજ પ્રકૃતિ, અતિરેકે થાય વિકૃતિ,
રોમ રોમ થાય પુલકિત, ઉન્માદીને ન કદી સંતૃપ્તિ,
વિવેકપુર્ણ આનંદ માણીને માનવ સર્જે સંસ્કૃતિ,
વિવેક -જ્યોત પ્રગટાવો બંધુઓ....
વિવેક-ગુણ પામી ન કદી હું ભરમાયો,
ધન્ય-ધન્ય થઈ હું બહુ હરખાયો,
જે શુભઘડી વિવેક અમુલખ પાયો,
વિવેક -જ્યોત પ્રગટાવો બંધુઓ....

**જૈન તત્વજ્ઞાનમાં જેને ''સમ્યગ્દર્શન'' કહેવામાં આવે છે તેજ વિવેક-બુધ્ધિ. જૈન તત્વજ્ઞાનના અનેક ગ્રન્થોના રચયિતા અત્યંત આદરણીય મહામુનિશ્રી ન્યાય વિજયજી મહારાજ સાહેબે લખ્યું છે કે ''વિવેક વિનાનું જ્ઞાન, વિવેક વિનાનું તપ, વિવેક વિનાનું કલ્યાણ કારક થતાં નથી.''**

❑ **શ્રી લલીતભાઈ નગરશેઠ**

## શ્રધ્ધાંજલિ

શ્રી પાટણ જૈન મંડળના આજીવન સભાસદ, દાતા **શ્રીમતી સરલાબેન વિજયકુમાર શાહ** (કસુંબીયા વાડો)નું મહા સુદ ૧૨, બુધવાર, તા. ૨૭-૧-૨૦૧૦ ના ૭૨ વર્ષની વયે દુઃખદ અવસાન થયેલ છે.

તેઓએ એમની જિંદગીમાં અનેક ધાર્મિક કાર્ય તથા તપસ્યાઓ કરી હતી. જેમ કે વર્ષી તપ ઉપધાન, નાગેશ્વરનો છરી પાલીત સંઘ, નવ્વાણું યાત્રા, દેરાસર તથા ઉપાશ્રયનો લાભ લીધો હતો. તેમજ પાટણ જૈન મંડળમાં શ્રુતજ્ઞાન પ્રદાન નિધિ, આર્થિક સહાય કોરપસ ફંડ તથા સમાજ વિકાસ ફંડમાં સને ૨૦૦૯-૧૦ માં રૂા.૩,૫૦,૦૦૦/- ની ભેટ પ્રાપ્ત થયેલ છે. તેમજ ભોજનશાળા તથા આયંબીલ ખાતામાં પણ યોગદાન આપેલ છે. છેલ્લે તાજેતરમાં શ્રી પાટણ પાંજરાપોળમાં પશુઓને પાણી પીવા માટે તેમજ ખેતરમાં ઘાસ ઉગાડવા માટે બોરવેલ માટે રૂા. ૯,૦૯,૯૯૯/- નો લાભ લીધો છે. તેમણે જીવનમાં સુધારસને ખોબલે ખોબલે વેર્યો હતો. વ્યવહાર કુશળતા મિલનસાર સ્વભાવ અને કર્તવ્ય પરાયણતા જેવા અદ્‌ભુત અને ઉમદા ગુણોને કારણે સદૈવ આદરપાત્ર રહ્યા હતા. વ્યકિત વિશેષ જીવનને ધૂપસળીની જેમ મહેકાવ્યું.

સદ્‌ગત આત્માને ચિરઃશાંતિ મળે તેવી શાસનદેવને પ્રાર્થના.

❑ **શ્રી પાટણ જૈન મંડળ**


## લગ્ન સંબંધી




## ડૉક્ટર કન્યા

નવી મુંબઈસ્થિત **Highly Qualified** પરિવારની વિશા જૈન શ્વેતાંબર

**1984 Born, 5.4" , M.B.B.S.** ડૉક્ટર, સુંદર, ગોરી, સુખી, સંસ્કારી, **Good Life-style**

ધરાવતી યુવતી માટે યોગ્ય એજ્યુકેટેડ યુવકોનાં વડીલો તરફથી સંપર્ક આવકાર્ય.

**Mobile : 9967158356**

**Email ID : fastmindz2009@gmail.com**

જા x ખ

## સંસ્થા સમાચાર

❑ **પાટણના કોકાના પાડાના** શ્રી કોકાપાર્શ્વનાથજી ભગવાનની વર્ષગાંઠ મહાવદ ૧, તા. ૩૧-૧-૨૦૧૦ ના રોજ શ્રી નાગેશ્વરજી તીર્થમાં ઊજવી હતી. લગભગ ૨૧૫ ભાઈ-બહેનોએ ઉલ્લાસપૂર્વક ભાગ લીધો હતો.

સવારના વાજતે ગાજતે દેરાસરમાં જઈ ત્યાં પ્રભુભક્તિ, સ્નાત્રપુજા, બપોરના પંચ કલ્યાણની પૂજા કરી હતી. રાત્રે ભાવનામાં બધાએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

બપોરના ૩ વાગે દાતા શ્રીમતી મંજુલાબહેન, તેમના પુત્રો તથા સહદાતા અનીલભાઈ મહાસુખભાઈ તથા તેમના ધર્મપત્નિ કિશોરીબેનનું બહુમાન કર્યું હતું. બીપીનભાઈએ આભારવિધિ કરી હતી.

❑ **અંધેરી પાટણ ઉત્કર્ષ ક્લબ** ૧૪ માં વર્ષમાં પ્રવેશની શરૂઆતનો પહેલો પ્રોગ્રામ ૨-૨-૨૦૧૦ . Empress Court (પાર્લા વેસ્ટ) ખાતે બપોરે બાર વાગે લંચનો રાખવામાં આવ્યો હતો. જેમાં Astrologer આશાબેન શાહ જેઓ પાટણના છે તેમને બોલાવ્યા હતા. બ્હેનો એ સારી સંખ્યામાં ભાગ લીધો હતો. નવા મેમ્બરો આવકાર્ય છે. વધુ વિગત માટે કાર્યકર બ્હેનોનો સંપર્ક કરવો. આગામી કાર્યક્રમ Recreation Club (Andheri) ખાતે રાખેલ છે.

❑ **શ્રી રત્નનિધી ચેરીટેબલ ટ્રસ્ટ, મુંબઈ દ્વારા** ગિરીરાજ, પાલીતાણાની તળેટી ખાતે તા. ૨૩-૧૨-૨૦૦૯ થી તા. ૯-૧-૨૦૧૦ દરમીયાન શીરીરિક ખોડખાપણ યુક્ત ભાઈ-બહેનોને સહાયક થવાની શુભ આશયથી મેડીકલ મોબીલીટી કેમ્પનુ ભવ્ય આયોજન કરવામાં આવેલ. જેમા ભારતભરમાંથી પધારેલ શારીરિક ખોડખાપણવાળા ૧૬૧૬૦ વિકલાંગોને કેલીપર્સ, જયપુર ફુટ, ક્રચીશ, વ્હીલચેર, ટ્રાયસીકલ વગેરેનું તથા શ્રવણશક્તિની તકલીફવાળા ૧૧૭૮૯ સદસ્યોને કાનના મશીનનું વિનામુલ્યે વિતરણ કરવામાં આવેલ.

ગુજરાત રાજ્યના મુખ્યમંત્રી શ્રીનરેન્દ્રભાઈ મોદી, બૌધ્ધધર્મના વડા શ્રી દલાઈલામા, જૈન આચાર્યો- સાધુસાધ્વી ભગવંતો તથા અન્ય સંપ્રદાયોના મહાનુભવોએ આ વિશાળ મોબીલીટી કેમ્પની મુલાકાત લઈ ટ્રસ્ટના સમજોપયોગી એવા સુંદર આયોજનને હૃદયપૂર્વક બિરદાવવામાં આવેલ. વધુમા તેઓએ જણાવેલ કે, ગરીબ તથા જરૂરીયાતમંદોને અપાતી સાધન સહાય તેઓના જીવનમાં પરિવર્તન લાવવામાં મહત્વનો ભાગ ભજવશે.

મેડીકલ કેમ્પના વિશાળ ખર્ચમાં આર્થિકરીતે સહાયભૂત થનાર અન્ય સંસ્થાઓ સાથે શ્રીપાટણ જૈન મંડળ પણ જોડાયેલ. અને ફુલ નહી તો ફુલની પાંખડી સમાન સમાજના વિવિધ સખી સદગૃહસ્થો તરફથી પ્રાપ્ત થયેલ રૂા. ૨,૨૯,૦૦૦/- ની રકમ મજકુર સંસ્થાને સર્મપીત કરેલ.

❑ **વિશ્વ કલાગુર્જરી ફેડરેશન દ્વારા ભારતીય વિદ્યા ભવન, ચોપાટી** ખાતે જૈન જગતના ભિષ્મપિતામહ શ્રી ચિમનલાલ ચકુભાઈ શાહની સ્મૃતિમાં ''કલિકાલ સર્વજ્ઞ હેમચંદ્રાચાર્ય સુવર્ણચંદ્રક - ૨૦૧૦'' ના ચંદ્રક કાર્યક્રમમાં બ્રિટનમાં ગુજરાતી ભાષા, સંસ્કાર અને સાહિત્યનો છેલ્લાં ૨૫ વર્ષથી સતત પ્રચાર અને પ્રસાર કરનાર **ડૉ. જગદીશ દવેને** ૧૬ મી જાન્યુઆરીએ ડૉ. કુમારપાળ દેસાઈ, ડૉ. બળવંત જાની તથા શ્રી સી. જે. શાહે સુવર્ણ ચંદ્રક અર્પણ કર્યો હતો.

બ્રિટનના ડૉ. જગદીશ દવેએ આયોજીત સંસ્થા, તેમજ નિર્ણાયક સાહિત્ય સમિતીનો આભાર માનતા જણાવ્યું હતું કે ; મને પૂ. ગાંધીજીના આશીર્વાદ હતા કે ''ભણજે અને ભણાવજે.'' માતૃભાષા માટે સમગ્ર જીવન સમર્પિત કર્યુ. બ્રિટનમાં ગુજરાતી ભાષા શિખવવા શનિ-રવી પાંચસો શાળા ચાલે છે. આ ગુજરાતી ભાષાએ તેમને બ્રિટનના મહારાણી સુધી તેમ જ ભારતમાં પ્રતિષ્ઠિત સુવર્ણ ચંદ્રક સુધી પહોંચાડ્યા છે.

❑ **સૌરભ લેડીઝ ક્લબ વિલેપાર્લે** નો બીજો કાર્યક્રમ ૧૦ મી માર્ચ, બુધવારનાં રોજ વન-ડે, પિકનીક, સુરજ વોટર પાર્ક - થાણા ખાતે યોજવામાં આવેલો છે. નવી મેમ્બરશીપ ચાલુ છે.

❑ પાટણના કનાસા પાડામાં આવેલ વિવિધ કલ્યાણ પ્રવૃત્તિઓ કરતી સંસ્થા **કનાસા ચેરીટેબલ ટ્રસ્ટ** દ્વારા પાટણના જૈન સીનીયર સીટીઝનો માટે તા. ૬ અને તા. ૭-૨-૨૦૧૦ લક્ઝરી બસ દ્વારા રાજસ્થાનમાં આવેલ જીરાવાલા, ભેરૂતારક, પાવાપુરી જેવા જૈન તીર્થોની યાત્રા કરાવવામાં આવેલ. આ વર્ષે યાત્રાના દાતા તરીકે શ્રીમતી હંસાબેન રમેશચંદ્ર પરિવાર (સંભવ ગ્રુપ) પાટણ-મુંબઈ અને શ્રી તારાચંદ દૌલતચંદ શાહ પરિવાર-એશીયન સ્ટાર કુા. એ સહયોગ આપેલ.

❑ **કનાસા કલ્યાણ કેન્દ્ર** દ્વારા બહેનોને રોજગારી મળે તે માટે ખાખરા, પાપડ, મશાલા, મિઠાઈ, વિગેરેનું શુધ્ધ ઉચ્ચ ક્વોલીટી સાથે ઉત્પાદન કરી પાટણ-સુરત-મુંબઈ વિગેરે સ્થળોએ વેચાણ કરવા ઉપરાંત સીનીયર સીટીઝનો, વિધવા બહેનોને આર્થિક સહાય, પાઠ શાળાના વિદ્યાર્થીઓને સહાય જેવી અનેક પ્રવૃત્તિઓ કરાય છે.


**ANAND PARIVAR આનંદ પરિવાર**

**૧૦, વિભાવસુ ૨૮, તેજપાલ રોડ, વિલેપાર્લે (ઈ), મુંબઈ-૫૭. ફોન : ૨૬૧૧ ૪૧૨૧, ૨૬૧૧ ૪૭૬૫**

**સ્નેહી સ્વજનો,** સમયના વહેણમાં વહેતા આપણા સહૂનું લાડલુ આનંદ પરિવાર-વણથંભી વણઝાર આદરીને આજે રજતજયંતી વર્ષમાં પ્રવેશ કરે છે. પાટણના જૈન સમાજમાં આનંદ પરિવારે લોકોના હ્રદયમાં એક અનોખુ પ્રેમ ભર્યુ સ્થાન મેળવ્યું છે. આનંદ પર્યટનો, દેશવિદેશની અતિ સફળ ટુરો વગેરે નિત્ય નવીન કાર્યક્રમો, યોજી લોકોનું દિલ જીત્યુ છે. ઘણા ઘણા જૈન સોશ્યલ ગ્રુપ અને જૈન જાગૃતી સેન્ટર હોવા છતાં **માત્ર અને માત્ર પાટણવાસીઓનું** આ ગ્રુપ તેના ૨૫ માં વર્ષના આરે ઉભું છે. સમાજના લોકોને એકબીજાની નજીક લાવવા, લોકોનું સ્ટ્રેસ બસ્ટર ઘટાડવા અને ઉચ્ચકક્ષાના - આખુંય કુટુંબ સાથેમાણી શકે એવા કાર્યક્રમો આપીને એક મિસાલ ઉભી કરી છે. Quality based and not quality base પ્રોગ્રામ એ આનંદપરિવારની વિશેષતા છે. રજતજયંતીના પ્રવેશ અવસરે આપસહુ આનંદપરિવારના સભ્ય બની વિવિધ કાર્યક્રમો માણી શકો, એ માટે અમારૂ આમંત્રણ છે. જૂના તથા નવા સભ્યોએ તા. ૨૧-૩-૧૦ સુધીમાં લવાજમ ભરી દેવા વિનંતી. જેથી નવા વર્ષનો પ્રથમ પ્રોગ્રામ માં આપ ભાગ લઈ શકો. આ રજત જયંતી વર્ષમાં **આનંદપરિવાર ૧૦ પ્રોગ્રામ આપવાનું વિચાર કરે છે.** તેમજ સુંદર ગીફ્ટ આપવાનો વિચાર છે. **અને દુબઈ અને સમેતશિખરની ટુર યોજવાનો પણ વિચાર છે.**

**વાર્ષિક લવાજમ : રૂા. ૪૨૦૦/-** ◆ પેટ્રન સભાસદ (પાંચવર્ષ માટે) રૂા. **૨૨૦૦૦/-** (દંપતી સભ્યદીઠ)

***-: લવાજમ ભરવાના સંપર્ક સ્થળો :-***

**શ્રી. જનકભાઈ અરવિંદકુમાર શાહ,** ૧૦, વિભાવસુ, ૨૮ તેજપાલ રોડ, વિલેપારલે (ઈસ્ટ), મુંબઈ-૫૭. ● **ફોન-૨૬૧૧૪૧૨૧**

**શ્રી. હિતેનભાઈ ચંપકલાલ શાહ,** ૨૪, પંચાસર બિલ્ડીંગ, બીજે માલે, એફ રોડ, ૭૬ મરીન ડ્રાઈવ, મુંબઈ-૨૦ ● **ફોન- ૨૨૮૧૫૦૩૪**

**શ્રી. જયેશભાઈ હરસુખલાલ શાહ,** મે. હરસુખલાલ બાપુલાલ મોતીવાલા, ૧૧૦/૧૧૨, ધનજી સ્ટ્રીટ, મુંબઈ-૩ ● **ફોન - ૨૩૪૪૬૦૮૫**

***આપ સહુના સહકાર અને સ્નેહના અભિલાષી*** ◆ **શ્રી. દિનેશભાઈ રસીકલાલ શાહ (પ્રમુખ)** ◆ **શ્રી. જનકભાઈ અરવિંદકુમાર શાહ (માનદ્ મંત્રી)**

જા x ખ ◆ **શ્રી. હિતેનભાઈ ચંપકલાલ શાહ (માનદ્ મંત્રી)** ◆ **શ્રી સુરેશભાઈ નેમચંદ શાહ (માનદ્ મંત્રી)**

❑ **શ્રી પંચાસરા પાર્શ્વનાથ શ્રુત આરાધક મંડળ દ્વારા** તા. ૨૩-૧૨-૦૯ થી તા. ૨૮-૧૨-૨૦૦૯ દરમીયાન કચ્છ યાત્રા પ્રવાસનું આયોજન કરવામાં આવેલ જેમા મોટી ઉમરના સાધર્મિકો ૮૫ તથા અન્ય ૭૫ ભાઈ-બહેનો સહીત કુલ ૧૭૦ સદસ્યોએ ઉમંગભેર ભાગ લીધેલ. ભદ્રેશ્વર ખાતે ૨૪૦૦ વર્ષ પ્રાચીન મહાવીર સ્વામી, વાંકીમાં મહાવીર સ્વામી, ૭૨ જિનાલય ખાતે આદેશ્વર દાદા, સુથરી તથા તેરા ખાતે પાર્શ્વનાથ, કોઠારા ખાતે શાંતીનાથ દાદા, જખ્ખો ખાતે મહાવીર સ્વામી, નલીયા ખાતે ચંદ્રપ્રભુ સ્વામીના ઉતુંગ શિખરોથી સજ્જ જિનાલયોના દર્શન વંદન કરી ધન્યતા અનુભવી.

## ઋણ સ્વીકાર

**શ્રી પાટણ જૈન મંડળ દ્વારા** શ્રી રાજેન્દ્રભાઈ બાબુલાલ શાહ (વખારનો પાડો) હાલ પુનાના સુપુત્ર ચિ. ઈશ્વરને ઈન્ફોરમેશન ટેક્નોલોજીના કોર્ષ માટે આપેલ લોન પુરેપુરી ભરપાઈ કર્યા બાદ ઋણસ્વીકાર તરીકે લખેલ પત્રનો સારાંશ ''આમારા જીવનમાં, જીવન સ્તરમાં, શ્રી પાટણ જૈન મંડળની શિક્ષણ લોન તથા શિષ્યવૃત્તિ સહાયે શુ ભાગ ભજવ્યો છે તે જોવા માટે તમારે સર્વેએ એકવાર પૂના આવવુ જોઈએ. હુ જાતે તમોને સવિસ્તાર અમારા જીવનમા તમારી શિક્ષણ મદદનો જાદુ જરૂર બતાવીશ.''

## વિકલાંગ ઉત્કર્ષ સમિતિ
## ઉદયપુર - રાણકપુર યાત્રા પ્રવાસ

**: સૌજન્ય :**

## શ્રી ચિરાગ ચંદ્રકાંત શાહ (પટ્ટણી ઓપ્ટીશીયન)

શ્રી પાટણ જૈન મંડળ વિકલાંગ ઉત્કર્ષ સમિતિ દ્વારા તા. ૫-૨-૧૦ થી તા. ૧૦-૨-૧૦ દરમીયાન રાણકપુર-ઉદયપુર યાત્રા પ્રવાસનું આયોજન કરવામાં આવેલ જેમા ૨૨ બાળકો તેમના પરિવારજનો, સમિતિના સભ્યો તથા દાતાપરિવારજનો મળી કુલ ૭૦ સદસ્યોએ ભાગ લીધેલ.

તા. ૫-૨-૨૦૧૦ ના સુર્યનગરી એક્ષપ્રેસ ટ્રેનમાં પ્રયાણ કરી તા. ૬-૨-૨૦૧૦ ના સવારે ફાલના સ્ટેશન ઉતર્યા જ્યા ગોલ્ડન ટેમ્પલમાં શ્રી પંચાસરા પાર્શ્વનાથ પ્રભુના વંદન કરી સૌ રાણકપુર પહોચ્યા.

સવારે આદેશ્વર ભગવંતની સેવા પૂજા-વંદના કર્યા બાદ બપોરે રાતા મહાવીર તથા નવા નાગેશ્વર પાર્શ્વનાથના દર્શન કર્યા. રાત્રે ભક્તિ ભાવના સૌ તરબોળ થયા.

તા. ૭-૨-૨૦૧૦ ના સવારે સાદડી પાર્શ્વનાથ દાદા, કીર્તસ્થંભ પાર્શ્વનાથ, ધાણેરાવ ખાતે મુછાળા મહાવીરના દર્શન ચૈત્યવંદન કર્યાબાદ મુછાળા મહાવીર નામધારણ અંગેનો ઈતીહાસની માહીતી મેળવી. ચાર ભુજા ખાતે સમવસરણમાં બિરાજમાન આદેશ્વર ભગવંતની ચૌમુખીના દર્શન કરી, એકલીંગજી ખાતેના અતિપ્રાચીન આદેશ્વર ભગવંતના દર્શન કરી સૌ કેશરીયાજી પહોચ્યા. જ્યા રાત્રે ગેટ-ટુ-ગેધરનું આયોજન કરવામાં આવેલ.

તા. ૮-૨-૨૦૧૦ ના સવારે કેશરીયાજી ખાતેના શ્રી આદેશ્વર ભગવંતની પુજા-સેવા કરી ઉદયપુર પહોચ્યા, જ્યા વાસુપુજ્ય દાદાના દર્શન કર્યા. ઉપરાંત બપોરે મહારાણા પ્રતાપ સ્મારક, સહેલીયોકી વાડી જેવા પ્રદર્શનીય સ્થળોની મુલાકાત લઈ આનંદ માણ્યો.

સંધ્યાકાળે ફીઝીકલી હેન્ડીકેપ બાળકો માટેની કાર્યરત શ્રી નારાયણ સેવા સંસ્થાની મુલાકાત લીધેલ, ત્યાના દરદીઓ સાથે વાતચીત કરેલ તથા મજકુર સેવા સંસ્થાનના ઉદભવ વિશેની સંપૂર્ણ માહીતી મેળવી સૌ ગદગદીત થયેલ.

નારાયણ સેવા સંસ્થાના સંચાલક સાથે વાતચીત કર્યા બાદ બીજે દિવસે આપણી સાથે જોડાયેલ ચાર બાળકોના વિવિધ ટેસ્ટો કરાવી આપેલ તથા બે બાળકોને તેમને સાજા થવામાં મદદરૂપ થાય તેવા સાધનો પણ મેળવેલ અને બાકીના બે બાળકોને ફરી જ્યારે આવો ત્યારે તેની વિવિધ ટ્રીટમેન્ટ હેઠળ સારવાર કરાવવા અંગેની સલાહ આપવામાં આવેલ. આ સેવા સંસ્થાનમાં કોઈપણ દરદી પાસે કોઈપણ રકમ લીધા વિના દરેક સારવાર કરવામાં આવે છે તેમજ તેમને ઉપયોગી હોય તેવા કેલીપર્સ ક્રચીસ વગેરે સાધનો પણ આપવામાં આવે છે. દરદી સાથે સારવારાર્થે આવેલ આપ્તજનોને પણ રહેવા-જમવાની સેવા વિનામુલ્યે પુરી પાડવામાં આવે છે.

ત્યારબાદ રાત્રે ઐશ્વર્યા રીસોર્ટની મુલાકાત લેવામાં આવેલ. જ્યા દાતા પરિવારના શ્રીમતી ભદ્રાબેન ચંદ્રકાંત શાહના જન્મદિનની શાનદાર ઉજવણી કરવામાં આવેલ તથા ડીનર પાર્ટી પણ રાખેલ. આ પ્રસંગે ખાસ કલાકારો દ્વારા કઠપુતલી શો નુ આનંદ મેળવેલ.

આ અવસરે યાત્રા પ્રવાસના સૌજન્ય દાતા પરિવારનું માનદમંત્રીઓ શ્રીમતી પ્રમીલાબેન ભદ્રકુમાર શાહ તથા શ્રીમતી હીનાબેન યશમુખભાઈ શાહ તેમજ માનવંતા પ્રમુખ શ્રી જે.કે. શાહ દ્વારા સ્મૃતિચંદ્રક, શાલ તથા માળા અર્પણ કરી અભિવાદન કરવામાં આવેલ.

તા. ૯-૨-૨૦૧૦ ના સવારે જુના દેલાવાડા તથા આયડ તીર્થ ખાતે આદેશ્વર દાદા શ્રી ને વંદન કરી રાત્રે ઉદયપુર એક્ષપ્રેસમા પ્રયાણ આદરી તા. ૧૦-૨-૨૦૧૦ ના બપોરે મુંબઈ ખાતે આગમન થયેલ.

યાત્રા પ્રવાસનો સઘળો ખર્ચ ભાભાના પાડાના શ્રી ચંદ્રકાંત અમૃતલાલ શાહ (પટણી ઓપ્ટીશીયન) દ્વારા આપવામાં આવેલ તે બદલ તેઓ પ્રત્યે અંતઃકરણપૂર્વક આભાર માનવામાં આવે છે.

પ્રવાસ અંગેની જાહેરાતથી પુર્ણાહુતી પર્યતના દરેકે દરેક કાર્યોમાં સમિતિના માનદ્મંત્રીઓની સાથોસાથ શ્રી પીનાકીન ચંદ્રકાંત શાહ તથા શ્રી જ્ઞાનેશભાઈ લાપસીયા દ્વારા સુંદર સહયોગ આપવામાં આવેલ છે તે બદલ તેઓ પ્રતિ આભારભાવ વ્યક્ત કરવામાં આવે છે.

યાત્રા પ્રવાસ દરમીયાન સવારની નવકારશી, બપોરનું તથા સાંજનું ભોજનમાં રીધમ ટ્રાવેલની લિજ્જતદાર વાનગીઓની રસથાળે સૌને સંતોષ પુરો પાડેલ.

❑ **વિકલાંગ ઉત્કર્ષ સમિતિ**

**શ્રદ્ધાંજલિ :** સમાજની નીચે જણાવેલ વ્યક્તિઓના અવસાનની સખેદ નોંધ લેતા, તેઓના કુટુંબીજનોના દુઃખમાં સંવેદનાની લાગણી વ્યક્ત કરીએ છીએ. પરમકૃપાળુ પરમાત્મા સદ્ગતના આત્માને ચિરશાંતિ અર્પો એજ પ્રાર્થના.

| જ્ઞાતિ | મહોલ્લો | સ્વર્ગસ્થનું નામ | ઉંમર | સ્થળ | તારીખ | તિથિ |
|---|---|---|---|---|---|---|
| સાલવી | સાલવીવાડો | વિમળાબેન અમથાલાલ જૈન👁 | ૯૩ | મુંબઈ | ૨૧-૧-૨૦૧૦ | મહાસુદ - ૬ |
| વિશાશ્રીમાળી | કસુંબીવાડો | સરલાબેન વિજયભાઈ શાહ | ૭૨ | મુંબઈ | ૨૭-૧-૨૦૧૦ | મહાસુદ - ૧૨ |
| વિશાશ્રીમાળી | તંબોળીવાડો | નલીનીબેન જશવંતલાલ શાહ | ૭૨ | પાટણ | ૧૪-૨-૨૦૧૦ | મહાવદ - ૩૦ |
| દશાઓસવાલ | ખજુરીનોપાડો | કુ. જીનલ રાજુભાઈ ઝવેરી | ૧૭ | મુંબઈ | ૧૪-૨-૨૦૧૦ | મહાવદ - ૩૦ |

👁 ચક્ષુદાન કરેલ છે.

**✳ યુવાનીમા રક્તદાન ✳ મૃત્યુબાદ ચક્ષુદાન ✳ ત્વચાદાન ✳ અંગદાન ✳ દેહદાન કરો અને કરાવો.**

## આભાર સ્વીકાર

મંડળના જુદા જુદા ફંડોમાં અને પ્રવૃત્તિઓમાં, સ્વૈચ્છીક રીતે નાણાંકીય ભેટની રકમ આપવા બદલ, સર્વે શુભેચ્છકો પ્રત્યે આભાર વ્યક્ત કરવામાં આવે છે.

### શ્રી કેશરીચંદ જેશીંગલાલ શાહ સીનીયર સીટીઝન કૉરપસ ફંડ

૨,૦૦,૦૦૦/- શ્રી પ્રવિણચંદ્ર કેશરીચંદ શાહ પરિવાર (ઢંઢેરવાડો) શ્રી કેશરીચંદ જેશીંગલાલ શાહની બીજી પૂણ્ય તિથિ નિમિત્તે તેઓના સ્મરણાર્થે

### સમાજ વિકાસ કૉરપસ ફંડ

૫,૦૦,૦૦૦/- શ્રીમતી હંસાબેન મનહરભાઈ કેશવલાલ શાહ (લખીયારવાડો) હ. શ્રી પુર્વીબેન શ્રેણીકભાઈ મનહરલાલ શાહ

૧,૦૦,૦૦૦/- શ્રીમતી સરલાબેન વિજયભાઈ હીરાલાલ શાહ (કુસુંબીયાવાડો) હ. શ્રી વિજયભાઈ અમીષાબેન, સંગીતાબેન ડી. શાહ, હર્ષીત, ઋષિત શ્રીમતી સરલાબેનના સ્મરણાર્થે

૫૦,૦૦૦/- ડૉ. જયંતિલાલ મણીલાલ પટ્ટણીના સ્મરણાર્થે હ. શ્રી અભયભાઈ જયંતીલાલ પટણી (મનમોહનજીની શેરી)

### વિકલાંગ ઉત્કર્ષ કૉરપસ ફંડ

૧૧,૦૦૦/- જે. કે. ફાઉન્ડેશન (ભાભાનો પાડો)

### વિકલાંગ ઉત્કર્ષ ભેટ (દત્તક યોજના)

૭૨,૦૦૦/- શ્રી મફતલાલ ચુડઘર ચેરીટેબલ ટ્રસ્ટ (ચોધરીની શેરી)

૩૬,૦૦૦/- શ્રી દક્ષાબેન જગદીશકુમાર શાહ

### વૃધ્ધજન સહાય તથા શિક્ષણ સહાય ભેટ

૨૫,૦૦૦/- શ્રી ધીરજલાલ રતીલાલ શાહ (મારફતીયા મહેતાનો પાડો) સ્વ. શ્રી રતીલાલ (ભગવાનદાસ) રીખવચંદ શાહ સ્વ. શ્રીમતી ચંપાબેન (ભુરીબેન) રતીલાલ શાહ તથા સ્વ. શ્રીમતી ચંદ્રાબેન ધીરજલાલ શાહના સ્મરણાર્થે હ. શ્રી નિમેષભાઈ તથા બીન્દી ધીરજલાલ શાહ, શીતલ, મીલી, રાહી નિમેષભાઈ શાહ (અમેરીકા) (૫૦૦ ડોલર)

### હેલ્થકેર સાધન ભેટ

૧૦,૦૦૦/- શ્રી મફતલાલ ચુડઘર ચેરીટેબલ ટ્રસ્ટ (ચોધરીની શેરી)

૨,૦૦૦/- શ્રી વિશાલભાઈ દિપકભાઈ શાહ (કનાસાનો પાડો)

૧,૦૦૦/- શ્રી અરૂણભાઈ એસ શાહ

### દવા સહાય તથા વૃધ્ધજન સહાય ભેટ

૧૦,૦૦૦/- શ્રી રાજેન્દ્રભાઈ કંચનલાલ શાહ (ચોધરીની શેરી) સ્વ. શ્રીમતી વસુમતીબેન કંચનલાલ શાહના સ્મરણાર્થે

### વિકલાંગ ઉત્કર્ષ ભેટ

૩,૦૦૧/- શ્રી ભવ્ય વિપુલભાઈ શાહ હ. શ્રીમતી જાગૃતિબેન પરીખ

### શિક્ષણ સહાય ભેટ

૧,૧૧૧/- શ્રી નરેશભાઈ જયંતીલાલ શાહ (ઢંઢેરવાડો) ચિ. રાહુલ એમ. બી. બી. એસ. માં પાસ થયાની ખુશાલીમાં

૫૦૦/- શ્રી મહેશભાઈ જે. શાહ તથા શ્રીમતી હસુમતીબેન શ્રી મહેશભાઈ શાહ ચિ. રધ્ધી સુનીલભાઈ શાહ USA માં ડૉક્ટર થયાની ખુશાલીમાં તેમજ ચિ. જીમ્મી સુનીલભાઈ શાહ કેમીકલ એન્જીનીયર્સ (USA) થયાની ખુશાલીમાં

### વૃધ્ધજન સહાય ભેટ

૧,૧૧૧/- શ્રી મણીલાલ ગભરૂચંદ શાહ (મણીયાતી પાડો) હ. શ્રી પ્રફુલ્લભાઈ મણીલાલ શાહ

૧,૦૦૦/- શ્રીમતી આશાબેન વસંતલાલ શાહ (ખજુરીનો પાડો) સ્વ. શ્રી વસંતલાલ બાપુલાલ શાહની પુણ્યતિથી નિમિત્તે

૫૦૧/- શ્રીમતી હંસાબેન ભગવાનદાસ શાહ સ્વ. શ્રી ભગવાનદાસ રમણલાલ શાહના સ્મરણાર્થે

### દવા સહાય ભેટ

૧,૦૦૧/- શ્રી ભરતભાઈ કિર્તીલાલ શાહ (ચોધરીની શેરી) ના પૌત્ર ચિ. કેવીન તા. ૨૨-૧-૧૦ ના રોજે સ્પોર્ટસ સ્પર્ધામાં ૩ વર્ષ ૨ ૧/૨ માં ૧ લા નંબરેથી આવ્યાની ખુશાલીમાં

૫૦૧/- શ્રીમતી હંસાબેન ભગવાનદાસ શાહ સ્વ. શ્રી ભગવાનદાસ રમણલાલ શાહના સ્મરણાર્થે

૨૫૦/- શ્રી મહેન્દ્રભાઈ ચુનીલાલ શાહ ચિ. રીસબ સુનીલભાઈ શાહ માસ્ટર ઈન એજ્યુકેશન એન્ડ મેથેમેથીક્સ (USA) થયાની ખુશાલીમાં

૫૦૦/- શ્રી પ્રવિણભાઈ નવિનચંદ્ર શાહ , શ્રીમતી પ્રવિણાબેન પ્રવિણચંદ્ર શાહ ના જન્મ દિનની ખુશીલીમાં

### શ્રી વૃધ્ધજન સહાય/દવા સહાય/વિકલાંગ ઉત્કર્ષ ભેટ

૮૦૦૧/- શ્રી ચંદુલાલ મણીલાલ શાહ પરિવાર (ખેતરવસી ) સ્વ. શ્રીમતી કેશરબેન ચંદુલાલ શાહના આત્મશ્રેયાર્થે

(ગતાંકમાં સુધીરીને વાચવુ)

**શ્રી પાટણ જૈન મંડળ**

**ત્રેવીસમો સમુહલગ્ન સમારોહ**

**પ્રેરકદાતા : શ્રીમતી કમળાબેન પ્રેમચંદ નગીનદાસ તેલીયાવાળા**

શ્રી પાટણ જૈન મંડળ દ્વારા સમાજના તમામ સ્તરના કુટુંબો માટે ત્રેવીસમા સમુહલગ્ન સમારોહનું આયોજન કરવામાં આવેલ છે.

**દિનાંક** : સંવત ૨૦૬૬ વૈશાખ વદ, ૩ રવિવાર, તા. ૩૦-૫-૨૦૧૦

**સમય** : સાંજના

સમુહ લગ્નમાં જોડાવવા અંગેના ફોન તા. ૧-૩-૨૦૧૦ થી મંડળના કાર્યાલયમાંથી મેળવી લેવા.

**વધુ વિગત માટે સંપર્ક : ૨૨૮૧૧૯૪૬ / ૨૨૮૧૧૨૧૮**

❑ **પ્રોગામ સમિતિ**

સુસંસ્કૃત સમાજના સન્નિષ્ઠ સાન્નિધ્ય થકી,
શિક્ષણ, સ્વાવલંબન અને તબીબી સહાયનો સમન્વય.

શ્રી પાટણ જૈન મંડળ

# સમાજ વિકાસ ફંડ

એક નૂતન અભિગમ અને અનન્ય અભિયાન

## મુખ્યદાતા

- બાબુ પનાલાલ પુનમચંદ ચેરીટેબલ ફંડ, ખજુરીનો પાડો
- બાબુ સાહેબ નાનકચંદજી પુરણચંદજી ટ્રસ્ટ, ખજુરીનો પાડો
- બાબુ જીવનલાલ પનાલાલ ટ્રસ્ટ, ખજુરીનો પાડો
- શ્રીમતી ગુણવંતીબેન પ્રવીણચંદ્ર કેશરીચંદ શાહ, ઢંઢેરવાડો
- શ્રી વિરેન્દ્રભાઈ પોપટલાલ શાહ, મલ્લાતનો પાડો
- શ્રી સેવંતીલાલ કાંતીલાલ ટ્રસ્ટ, કુંભારીયા પાડો
- શ્રી મફતલાલ ચુડધર ચેરીટેબલ ટ્રસ્ટ, ચોધરીની શેરી
- શ્રીમતી કુસુમબેન રસિકલાલ શાહ, ડંક મહેતાનો પાડો
- શ્રી કીર્તીલાલ સોમચંદ શાહ, કોકાનો પાડો
- શ્રીમતી હંસાબેન રમેશચંદ્ર પોપટલાલ શાહ, હ. શ્રી જીતેનભાઈ, કનાસાનો પાડો
- શ્રીમતી સુભદ્રાબેન રમણલાલ શાહ ચેરીટેબલ ટ્રસ્ટ, કુંભારીયા પાડો
- શ્રીમતી વસુમતીબેન સેવંતીલાલ શાહ, ચીતારાની ખડકી
- શ્રીમતી હંસાબેન મનહરભાઈ કેશવલાલ શાહ, હ. શ્રી શ્રેણીકભાઈ મનહરલાલ, લખીયારવાડો
- શ્રી શાંતિલાલ રિખવચંદ શાહ, કોકાનો પાડો
- શ્રી મહેશ શાહ ચેરીટેબલ ટ્રસ્ટ, ચોધરીની શેરી
- શ્રીમતી ભગવતીબેન વિનોદચંદ્ર માટલીવાળા, હ. શ્રી દાનેશભાઈ, કનાસાનો પાડો
- શ્રી નવીનચંદ્ર ખુબચંદ શાહ, ઢંઢેરવાડો
- શ્રી અશોકભાઈ પોપટલાલ શાહ, હ. શ્રી ચિરાગભાઈ, કનાસાનો પાડો
- શ્રીમતી જીનબાળાબેન હસમુખલાલ શાહના સ્મરણાર્થે, હ. શ્રીમતી કનકબેન કેતનભાઈ શાહ, ઢંઢેરવાડો
- શ્રી પ્રવિણચંદ્ર વૃજલાલ શાહ (મંત્રી), હ. શ્રી વિરેશ પ્રવિણચંદ શાહ, કનાસાનો પાડો
- શ્રી હેમંતભાઈ કાંતીલાલ સાલવી, સાલવીવાડો

## આધારસ્તંભદાતા

- શ્રીમતી સુભદ્રાબેન ભોગીલાલ ઝવેરી (સાહેબા), ચોધરીની શેરી
- શ્રીમતી પુષ્પાબેન સેવંતીલાલ શાહ, ડંક મહેતાનો પાડો
- શ્રી નવીનભાઈ નેમચંદભાઈ શાહ (ગુંદરવાળા), વાસુપૂજ્યની શેરી
- શ્રી સુધીરભાઈ નવીનચંદ્ર શાહ, મારફતીયા મહેતાનો પાડો
- શ્રી હિતેનભાઈ ચંપકલાલ શાહ (વીમાવાળા), ખેતરવસી
- શ્રી રાકેશભાઈ કાંતીલાલ શાહ, સ્વ. શ્રી ગીતાબેનના સ્મરણાર્થે, ચોપાટી
- બાબુ અમીચંદજી પનાલાલજી ચેરીટેબલ ટ્રસ્ટ, ખેતરવસી
- શ્રીમતી કુસુમબેન અમૃતલાલ શાહ, કપુર મહેતાનો પાડો
- શ્રી રાજેન્દ્રભાઈ અંબાલાલ ઝવેરી, ડંક મહેતાનો પાડો
- શ્રી કેશરીચંદ જેશીંગલાલ શાહ, ઢંઢેરવાડો
- શ્રી મણીલાલ સરૂપચંદ શાહ (દેવડાવાળા) પરિવાર, લીમડીનો પાડો
- શ્રીમતી સરલાબેન વિજયભાઈ હીરાલાલ શાહ, કસુંબીયાવાડો
- શ્રી મોહનલાલ હીરાચંદ શાહના સ્મરણાર્થે, હઃ શ્રી દિપકભાઈ, મહાલક્ષ્મી માતાનો પાડો

# SHREE PATAN JAIN MANDAL

## REVOLVING FUND

**To provide interest free Educational Loan**

| Donor | Donation In 5 years |
|---|---|
| **Smt. Shubhadraben Ramanlal Popatlal Shah**, Kumbhariya Pado | Rs. 25 Lakhs |
| **Smt. Bhagwatiben Vinodbhai Matlivala**, Kanasa no Pado, by Daneshbhai, Bhagyeshbhai, Sukeshbhai, Dhirenbhai. | Rs. 25 Lakhs |

**Target for REVOLVING FUND is Rs. 5 Crore**

For Studies in India, Shree Patan Jain Mandal Shall provide interest free Educational loan upto Rs. 2 lakhs to deserving PATANI Students for their higher studies and high cost specialised courses.

**For Further information on Educational Loan contact :**

**Mr. Hemantbhai 99230 54891**

- શ્રીમતી મહાસુખલાલ કેશવલાલ શાહ, હસ્તે શ્રી. પંકજભાઈ, શ્રી રોહીતભાઈ, શ્રી ભરતભાઈ, (મારફતીયા મહેતાનો પાડો)
- શ્રી રમેશચંદ્ર છબીલદાસ ઝવેરી, મનમોહનજીની શેરી
- શ્રી પ્રવીણભાઈ મણીલાલ શાહ, નિશાળનો પાડો

## સહાયકદાતા

- શ્રી જે.કે. શાહ, ભાભાનો પાડો
- શ્રી પ્રદીપભાઈ લક્ષ્મીચંદ ઝવેરી, કોબે-જાપાન
- શ્રી વર્ધમાનભાઈ નગીનદાસ શાહ, કેશુશેઠનો પાડો
- શ્રીમતી નિર્મળાબેન ચંદ્રકાંત શાહના સ્મરણાર્થે, પોળનીશેરી
- ડૉ. જયંતિલાલ મણિલાલ પટણીના સ્મરણાર્થે, મનમોહનજીની શેરી
- શ્રી રમેશભાઈ સનાલાલ શાહ, મલ્લાતનો પાડો
- શ્રીમતી સુરેખાબેન મહેશભાઈ શાહ, ખેતરવસી
- શ્રી કંચનલાલ વાડીલાલ શાહ, મનમોહનજીની શેરી

## શુભેચ્છક દાતા

- શ્રી નરેશભાઈ સેવંતીલાલ શાહ, કનાસાનો પાડો
- શ્રીમતી કાનલબેન હિતેશભાઈ મહેન્દ્રભાઈ શાહ, કપુર મહેતાનો પાડો

**સમાજ વિકાસ ફંડ વાર્ષિક રકમ**

| | |
|---|---|
| મુખ્ય દાતા | રૂા. ૩ લાખથી વધુ |
| આધારસ્તંભદાતા | રૂા. ૩ લાખથી ૧ લાખ |
| સહાયકદાતા | રૂા. ૧ લાખથી ૨૫ હજાર |
| શુભેચ્છકદાતા | રૂા. ૨૫ હજારથી ઓછી |

*Publisher & Printer :* **SHREE PATAN JAIN MANDAL,** *Printed at :* **RAJESH PRINTERY,** 115, Pragati Industrial Estate, 316, N.M. Joshi Marg, Lower Parel (E), Mumbai - 400 011. Bhavin Gandhi : ☎ 23012496 / 9867540524. ***Published by :*** Shree Patan Jain Mandal, 77, Marine Drive, Mumbai - 400 020. ***Editor :*** **BHARTIBEN BHAGUBHAI SHAH.**